# સહજ-સત્સંગ

Year : 3 Issue : 30 Dt. 01-07-2015 Page - 52 માસિક



## પાદસેવનમ્



# મા મીરાંબિકા

The Divine is with you helping and guiding you.
But the more you feel lonely, the more you are
ready to perceive His luminous Presence.
Have faith and He will do everything for you. (27 Sept. 1951)

- The Mother

## પ્રભુની પ્રકાશમય હાજરી


દિવ્ય પ્રભુ તમ સાથે છે, રાહબર બને કરી મદદ,
પણ રહે સદા અદૃશ્ય એ, જ્યાં લગી અભાન તમે,
પણ તેના વિનાની એકલતા, તમને વસમી લાગે,
ત્યારે પ્રકાશમય હાજરી બની, એ અંતરમાં પ્રકાશે,
શ્રદ્ધાસભર બની રહો, તે ગોઠવી બધું દેશે,
નિશ્ચિંત બની વિચરજો, પણ દૃઢ શ્રદ્ધાની સાથે.

**પ્રાર્થનાઓ અને ધ્યાન**

- શ્રી માતાજી

# અતિમનસ પ્રકાશમય શરીરની ઝાંખી

(તા.૧૫.૦૨.૧૯૧૫ પૃ.૨૧૩)



હે પ્રભુ, તારા આવિર્ભાવ માટે મેં ઊંડી તીવ્રતાથી તારું આવાહન ત્રણવાર કર્યું છે, આખાએ સ્વરૂપે પોતાનું સમગ્ર સમર્પણ કર્યું. એ ક્ષણે ચેતનાએ જોયું કે વ્યક્તિસ્વરૂપ : મન, પ્રાણ અને શરીર, આખુંય ધૂળથી છવાએલું હતું અને તને દંડવત્ પ્રણામ કરી રહ્યું હતું..... એણે તને પોકાર કર્યો, ''હે પ્રભુ, સત્યનો અગ્નિ આ ધૂળને સંપૂર્ણપણે ઓગાળી નાંખે જેથી એ માત્ર તારો જ આવિર્ભાવ કરે.'' અને તે એને કહ્યું, ''ઊભું થા, ધૂળમાત્રથી તું મુક્ત થયું છે.'' અને એકક્ષણ માત્રમાં કોઈ વસ્ત્ર જમીન ઉપર સરી પડે એમ એ ધૂળનું આવરણ નીચે સરી પડ્યું અને એ સ્વરૂપનું દર્શન થયું. આંખને આંજી નાંખે એવા પ્રકાશથી ઝળહળતું.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** | | **યોગ પર દીપ્તિઓ** | |
| (અતિમનસ પ્રકાશમય શરીરની ઝાંખી) | ૩ | (સક્રિય અને નિષ્ક્રિય બ્રહ્મ) | ૩૧ |
| **પ્રાર્થના છે, અંતરનો પોકાર** | ૬ | **સાંજના વાર્તાલાપો** | |
| **દિવ્યજીવન** (વિશ્વસર્જનનો હેતુ) | ૯ | (અવતરણની વૈશ્વિક-તૈયારીઓ અને તેના પરીણામ) | ૩૪ |
| માતૃવાણી | | **વેદવિજ્ઞાન** (ગૌણ દેવતાઓ) | ૩૭ |
| (દિવ્ય-પ્રેમ) | ૧૪ | **ધ મધર્સ એજન્ડા** | |
| સાવિત્રી (પ્રકાશમય-મનનો સાક્ષાત્કાર) | ૧૭ | (વૈશ્વિક - પાર્થિવ તત્ત્વ) | ૪૧ |
| યોગ વિષે પત્રો (અવચેતનનું સ્વરૂપ) | ૨૧ | **યોગનાં મૂળતત્ત્વો** (વિભાગ-૨) | ૪૨ |
| મહાલક્ષ્મી | ૨૩ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** | |
| ઉપનિષદો (માનસિક અને અતિમાનસિક સમજણ) | ૨૪ | (સત્ય અને અસત્યના આંદોલનો (૯૯-૧૦૨) | ૪૪ |
| વેદ-રહસ્ય (વરુણ અને મિત્રનું સ્વરૂપ) | ૨૬ | **જાતક કથાઓ** (લુચ્ચાઓ કોઈના નહિ) | ૪૬ |
| શ્રી અરવિન્દ : પોતા વિષે | | આદર્શ કેન્દ્ર | ૪૮ |
| (અરવિન્દનો બાહ્ય અને આંતરિક સંબંધ) | ૨૮ | કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૩૦ વર્ષ : ૩
જુલાઈ - ૨૦૧૫

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

**: સહજ સત્સંગ કાર્યાલય :**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિં પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવાં ચેક, ડ્રાફ્ટ,
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



લેખકોના મંતવ્યો તેમનાં પોતાનાં છે. કાયદાકીય વિવાદનું ન્યાયક્ષેત્ર રાજકોટ ન્યાયાલય રહેશે.
(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં મૂળ લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના તેમજ એજેંડા પરના મૂળ લખાણો મીરાં અદિતિ સેન્ટર - મૈસુરના કોપીરાઈટ છે.

# અતિમનસ પ્રકાશમય શરીરની ઝાંખી

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી પ્રભુનો પૂર્ણ આવિર્ભાવ થાય તેની તીવ્ર અભીપ્સામાં ડૂબી ગયા હતાં અને લળીલળીને પોતે પ્રભુને વંદન કરી રહ્યાં હતાં.

એ વખતે માતાજીનું પોતાનાં સ્વરૂપ તરફ ધ્યાન ગયું. તે ધૂળમાંથી બનેલાં શરીરમાં બંધાયેલું હતું. ભૌતિક જીવનની ઈચ્છાઓ રૂપી ધૂળથી ખરડાયેલું હતું. માતાજીને ચૈતસિક દર્દ ઉપડ્યું. માતાજીએ કરગરીને પ્રભુને પ્રાર્થના કરી. ''પ્રભુ આ ધૂળથી ખરડાયેલાં મારાં મન, પ્રાણ અને શરીર શુદ્ધ કરો. તેમને તે મલિનતાથી મુક્ત કરો.''

પ્રભુએ પ્રગટ થઈ જવાબ આપ્યો, ''તું ઊભી થા. તારું સૂક્ષ્મ શરીર હવે ધૂળની મલિનતાથી મુક્ત બની ગયું છે.''

માતાજીએ પોતાના સૂક્ષ્મ શરીર તરફ જોયું. હવે તે સુવર્ણમય તેજથી ઝળહળી રહ્યું હતું. મલિનતાનું નામોનિશાન નહોતું.

જ્યાં સુધી ભોગ-વાસનાના વિકારો મનમાં ઊઠે છે, ત્યાં સુધી તે આ મલિન ધૂળથી ખરડાતું હોય છે. તેના પ્રકાશમય દૈદિપ્યમાન સ્વરૂપને પ્રગટ થવા જ દેતું નથી. પણ આ ભૌતિક-રૂપાંતર અંતે જ અને તે પણ પ્રભુની કૃપા સિવાય આવતું નથી. કોષોની મલિનતા, અવચેતનનાં કુવિચારો - બંધ થતાં જ નથી. જ્યારે પાર્થિવતત્ત્વ રૂપાંતરિત થઈ જાય છે, ત્યારે આ વાસનાઓની ધૂળ કાયમી સ્વરૂપે ખરી પડે છે અને આપણું ભૌતિક સ્વરૂપ પણ મૂળ તેજસ્વિતાને પ્રાપ્ત કરે છે.

આ તેજોમય શરીર એટલે આપણું કારણ શરીર. તેનાં ઉપર સૂક્ષ્મ શરીરમાંના વિકારોની ધૂળ ચડેલી હોય છે. પણ સાધના દરમિયાન અપરા-પ્રકૃત્તિ બદલાય છે અને તેથી સૂક્ષ્મશરીર પારદર્શક બનીને મૂળ કારણ શરીરની તેજસ્વિતાને પ્રગટ કરે છે. આ જ પ્રક્રિયા ભૌતિક શરીરમાં પૂર્ણ થાય છે, ત્યારે અતિમનસ-શરીરની રચના થાય છે , જે તેજોમય છે, પ્રકાશમય છે.

આ અનુભૂતિ સૂક્ષ્મ-શરીરની વિશુદ્ધિની ઘટના બાબતની છે. પણ ભૌતિક-શરીરના વ્યક્તિગત રૂપાંતરની શરૂઆત માત્ર છે.

# પ્રાર્થના છે, અંતરનો પોકાર

- જ્યોતિબેન થાનકી

મનુષ્યે પ્રાર્થનાનું પરીણામ આવે કે ન આવે, અનુરૂપ આવે કે પ્રતિકૂળ આવે, ગમે તે પ્રકારનું પરીણામ આવે, તો પણ પ્રાર્થના કરવાનું ક્યારેય છોડવું જોઈએ નહીં. કેમકે પ્રાર્થનાનો પ્રત્યુત્તર આપ્યાં વગર ભગવાન રહી શકતા નથી. કદાચ એમાં વિલંબ પણ થાય. તો સમજવું કે હજુ આપણી તૈયારી પૂરતી નથી થઈ. આપણું પાત્ર હજુ પ્રભુ તરફથી આવતી પ્રસાદી ઝીલવાને તૈયાર થયું નથી. એટલે અધીરાઈ દાખવ્યા વગર, પરીણામની ચિંતા કર્યા વગર આપણે તો પ્રાર્થના કર્યા જ કરવી જોઈએ.

ભગવાન પાસેથી દિવ્ય વસ્તુઓ જોઈતી હોય તો તાત્કાલિક મળતી નથી. ધન, સંપત્તિ, ઐશ્ચર્ય, પુત્ર વગેરે મનોકામનાઓ જલ્દીથી પૂર્ણ થતી હોય છે. પણ ભગવાનનો પ્રેમ, પ્રકાશ, આનંદ, જ્ઞાન આ બધું જોઈતું હોય તો તેને મેળવતાં સમય લાગે છે. આ તો ભગવાનની દિવ્ય ચેતના સાથે સંકળાયેલ દિવ્ય વસ્તુઓ છે. એ પાત્રતા વગર મળતી નથી. એટલે ભગવાન આવી વસ્તુઓ આપવાની ઉતાવળ કરતા નથી. પણ આધાર તૈયાર થવાની પ્રતીક્ષા કરે છે. એટલું જ નહીં, પણ એ આધારને અનેક કસોટીઓમાં તપાવીને શુદ્ધ બનાવે છે. જ્યારે આધાર સંપૂર્ણ તૈયાર થઈ જાય પછી તો ભગવાન પોતાનો સમસ્ત વૈભવ એની આગળ ઠાલવી દે છે. એને પોતાનામય બનાવીને એટલી ઊંચી ભૂમિકામાં લઈ જાય છે કે પછી તો એને કંઈ જ માગવાની જરૂર રહેતી નથી.

ખરેખર ભગવાન પાસે માંગવું હોય તો એવું માંગવું જોઈએ કે પછી કશું માંગવાની જરૂરિયાત જ ન રહે. અને તે છે ભગવાનની ચેતના સાથેની તદ્રુપતા. ભગવાની ચેતના એટલે સત્ ચિત્ આનંદ સ્વરૂપ ચેતના, પ્રેમ, જ્ઞાન, આનંદ, શક્તિ સંવાદિતા એ આ ચેતનાનાં લક્ષણો છે. જેમને ભગવાનની કૃપાથી આ

ચેતના સાથે અનુસંધાન બની આવે છે, તેમનું જીવન સાર્થક થઈ જાય છે. જીવનમાં ભગવાન સાથેનું સાયુજ્ય હોય પછી બીજા કોની જરૂર પડે? ભગવાનની ચેતનામાં દુઃખ તો છે જ નહીં. આવી ચેતના સાથે એકરૂપ વ્યક્તિ સદાકાળ આનંદમાં હોય છે. ભગવાન મળતાં બધું જ મળી જાય છે. મહાભારતનું યુદ્ધ થવાનું હતું, ત્યારે દુર્યોધન અને અર્જુન બન્ને શ્રીકૃષ્ણ ભગવાન પાસે મદદ માંગવા જાય છે. ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું, એકબાજુ મારી એક અક્ષૌહિણી સેના છે, બીજી બાજુ હું એકલો છું, અને તે પણ યુદ્ધમાં, શસ્ત્ર હાથમાં લેવાનો નથી. તમારે જેને જે જોઈએ તે માંગી લો.'' ત્યારે દુર્યોધન પહેલાં આવ્યો હતો, એટલે તેણે પહેલાં માંગવાની માંગણી કરી. તેણે એક અક્ષૌહિણી સેના માંગી લીધી. કેમકે તેણે વિચાર્યું કે એકલા શ્રીકૃષ્ણ અને તે પણ શસ્ત્ર વગરના મને શી મદદ કરી શકશે ? એટલે અક્ષૌહિણી સેના માંગીને મનોમન ખૂબ રાજી થયો. જ્યારે અર્જુને કહ્યું : ''શ્રીકૃષ્ણ મારે તો તમે જ જોઈએ છે. ભલે તમે હાથમાં શસ્ત્ર નહીં ઉપાડો, પણ મારી સાથે તો હશો ને !'' મહાભારતના યુદ્ધમાં કૃષ્ણ સાથે હતા, એથી પાંડવો જીત્યા, એ આપણે સહુ જાણીએ છીએ. ભગવાન સાથે હોય તો બધું જ એમની પાછળ પાછળ આવે છે. પણ ભગવાન ન હોય અને બધું ઐશ્ચર્ય એકલું હોય તો એ ઐશ્ચર્ય ક્યારે હાથતાળી દઈને ચાલ્યું જાય છે. એની ખબર પણ પડતી નથી. પણ મોહના આવરણમાં આપણે દુર્યોધનની જેમ સાચી વસ્તુ જોઈ શકતાં નથી અને તેથી ભગવાનને ભૂલીને તેનું ઐશ્વર્ય માંગીએ છીએ. આપણને ભગવાન સ્વયં નથી જોઈતા, પણ ભગવાન પાસેથી જોઈએ છે. પણ જેમણે ભગવાનની દિવ્યવસ્તુઓને માંગી છે, એમનાં જીવનમાં ભગવાન સ્વયં ઊતરી આવ્યાં છે.

નાની છ વર્ષની બાલિકા, પોતાની માતાની આંગળી પકડી દરરોજ મંદિરમાં જતી. એ વખતે મંદિરમાં આવેલાં બધાં માણસો શું કરે છે, તે જોયા કરતી. બધાંને આંખ બંધ કરીને હાથ જોડીને, હોઠ ફફડાવતા જોતી. આથી તેણે એક દિવસ પોતાની માતાને પૂછ્યું, ''મા, આ બધાં આંખો બંધ કરીને શું બોલતા હોય છે.'' ''બેટા, તેઓ ભગવાનને પ્રાર્થના કરે છે ને તેમને જે કંઈ જોઈતું હોય તે ભગવાન પાસે માંગે છે. તું પણ એવી જ રીતે ભગવાન પાસેથી માંગીશ, તો ભગવાન તને

પણ આપશે.''  માની વાત સાંભળીને નાની નીરી વિચાર કરવા લાગી કે ભગવાન પાસેથી શું માંગવું ?'  આટલી નાની વયે પણ તે એટલી સંતુષ્ટ હતી કે તેને કંઈ પણ માંગવાનું નહોતું. એથી તે આંખ બંધ કરીને સાચા ભાવથી ભગવાનને કહેવા લાગી કે, ''ભગવાન મારે તો કંઈ જરૂર નથી, પણ તમને જેમાં આનંદ આવે, એવું તમારે મને કંઈ આપવું હોય તો આપજો.'' નાનકડી બાલિકાની આવી પ્રાર્થનાથી પ્રસન્ન થઈને ભગવાને પોતાનું આનંદમય સ્વરૂપ જ એને આપી દીધું અને મોટાં થતાં શ્રી મા આનંદમયી રૂપે ભગવાનના એ આનંદને તેમણે સર્વત્ર રેલાવ્યો !

પિતાના અવસાન પછી કપરી આર્થિક સ્થિતિનાં નિવારણ માટે નરેન્દ્રનાથે પોતાના ગુરુ શ્રીરામકૃષ્ણને કહ્યું, ''મા જગદંબાની સાથે આપ વાતો કરો છો, તો મારી આર્થિક મૂંઝવણ ટાળવા માટે તમે એમને કહોને !'' ત્યારે રામકૃષ્ણે એમને કહ્યું, '' તે ન ચાલે, તારે જાતે જગદંબાને કહેવું જોઈએ. પણ તું તો જગદંબાની મૂર્તિમાં વિશ્વાસ રાખતો નથી. તો પછી જગદંબા મારું કેવી રીતે સાંભળે ?'' ''હું કહું તો સાંભળશે ?'' નરેન્દ્રે પૂછ્યું.

''હા જરૂર સાંભળશે. આવતી કાલે મંગળવાર છે, મા મંદિરમાં હશે, તું સવારે મંદિરમાં જઈને માને વાત કરજે.''

**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર - રાજકોટના સ્થાપનાદિન નિમિત્તે કાર્યક્રમો**
**તા.૬ અને ૭ જુલાઈ ૨૦૧૫**

૧ વક્તા : શ્રી જ્યોતિબેન થાનકી
૨ વિષય : શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનું જીવન અને કાર્ય
૩ કાર્યક્રમ : તા. ૬ અને ૭ જુલાઈ
સવારે ૧૦.૦૦   સાંજે ૬.૩૦
૪ સ્થળ : મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ધ્યાનખંડ

**સાધક ભાઈ-બહેનોને આ કાર્યક્રમમાં પધારી લાભ લેવાનું હાર્દિક જાહેર આમંત્રણ છે.**
- ટ્રસ્ટી મંડળ

# દિવ્ય-જીવન

- શ્રી અરવિન્દ

## વિશ્વસર્જનનો હેતુ

પ્રકરણ - ૧૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

નૈતિક અધઃપતન એક માનસિક નબળાઈ અને માનસિક રોગ છે. તે રોગ કોણે નિર્માણ કર્યો ? દુઃખ એ તો શારીરિક ઘટના સ્વરૂપ પણ હોઈ શકે છે. તો આ માનસિક ઘટના અને શારીરિક ઘટનાનો સંબંધ કેવી રીતે જોડવો ? જો માનસિક અને શારીરિક તત્ત્વ મૂળભૂત એક જ તત્ત્વના બે જુદાં જુદાં આવિર્ભાવો છે એમ માનીએ તો જ આ સંબંધ જોડી શકાય.

સારાંશ દંડ આપનાર કઠોર શાસક તરીકે પ્રભુને માનવા એ તર્કવિસંગત વસ્તુ લાગે છે. તેથી ગૌતમ બુદ્ધે કર્મનો સિદ્ધાંત માન્ય કર્યો પણ આવો જુલમી શાસક તરીકેની પ્રભુની કલ્પનાને તીલાંજલી આપી તેમણે કહ્યું કે કર્મનો સિદ્ધાંત પોતે જ સ્વાભાવિક રીતે કાર્ય કરે છે. તે બીજા કોઈથી સંચાલિત નથી. વેદાંત દુઃખના આ પ્રશ્નને તદ્દન જુદી રીતે ઢાળે છે. તે એમ જણાવે છે કે બ્રહ્મતત્ત્વ તો ‘એકમેવમદ્વિતિયમ્’ છે તેની સિવાય જગતમાં બીજું તત્ત્વ જ નથી. તેથી દુઃખ આપનાર અને દુઃખ ભોગવનાર તે પોતે જ છે. અરે દુઃખ પણ એ પોતે જ છે. આ દૃષ્ટિથી જોતાં દુઃખનો પ્રશ્ન તદ્દન નવું જ સ્વરૂપ ધારણ કરે છે. હવે પ્રભુ જુલમી લાગતાં નથી. પણ હજી આ દુઃખનો પ્રશ્ન પૂરેપૂરો હલ થયેલ નથી. બ્રહ્મ તત્ત્વ પોતે આનંદ સ્વરૂપ હોવા છતાં તેણે આ દુઃખનો અંધેરપછેડો શા માટે ઓઢ્યો છે ?

આ પ્રશ્નમાં રહેલી ભૂલ આપણે સમજી લેવી જરૂરી છે. પ્રેમ અને કલ્યાણના માનવી ખ્યાલો ભેદ દૃષ્ટિની ઉપર આધાર રાખે છે. બે માનવો વચ્ચેના સંવાદમય સંબંધોને પ્રેમ અને મંગલમય ભાવના તરીકે જણાવવામાં આવે છે પણ બ્રહ્મતત્ત્વ

તો અભેદ સ્વરૂપ છે. તેમાં કોઈ આંતરિક કે બાહ્ય ભેદ નથી. તેમાં કોઈ સીમિતતા નથી. તેમાં છે ફક્ત અસીમતા, એકરસતા, અખંડતા. આથી એ વાત સ્પષ્ટ થાય છે કે જ્યાં સુધી આપણે માનવી દૃષ્ટિકોણનાં ભેદસ્વરૂપ દાયરામાં છીએ, ત્યાં સુધી જગતનું સ્વરૂપ સમજી નહિં શકીએ. આપણે નૈતિકતાનાં ખ્યાલો અનુસાર જગત નિર્માણ થયેલ નથી. જગત નૈતિક કલ્પનાઓથી પર છે. માનવી ચેતનાના મર્યાદિત દૃષ્ટિકોણ અનુસાર જગત વિકાસ પામી રહ્યું નથી. તેની પોતાની વિકાસની ગતિ છે, જે માનવની ધાર્મિક અને નૈતિક કલ્પનાઓ કરતાં તદ્દન જુદાં પ્રકારની છે તે નીતિ અને ધર્મવિહિન છે. વાઘ શિકારને ફાડી ખાય એ અહિંસાની ધાર્મિક કલ્પનાથી તોળવવાની ઘટના નથી. ભૂકંપને લીધે માનવી વંશનો વિનાશ એ નૈતિક કલ્પનાથી જોખવાની ઘટના નથી.

નૈતિક કલ્પના બીજામાં અને ખરેખર તો પોતામાં દોષ અને તૃટિઓ જોવાની ઘટનામાંથી જન્મે છે. હિંસા કરવાથી વાઘને કોઈ દોષ જણાતો નથી. તેથી તેનું વર્તન નીતિવિહિન છે. અનૈતિક નથી પ્રાણીઓમાં પોતાના નીતિનિયમો છે એક વાઘનાં ક્ષેત્રમાં બીજો વાઘ ઘૂસણખોરી કરે, તો તેઓમાં યુદ્ધ થાય છે. બળવાન વાઘ નિર્બળ વાઘને ભગાડી મૂકે છે. આ તેમની નૈતિક કલ્પના છે. ઈષ્ટ અને અનિષ્ટ, પાપ અને પુણ્યની કલ્પનાઓ ચેતનાના વિકાસ પ્રમાણે બદલાતી હોય છે અને અંતે બ્રહ્મ ચેતનામાં પ્રવેશતાં જ સાધક ''નિસ્ત્રૈગુણ્ય'' 'ત્રિગુણાતીત'' બની જાય છે. ત્યાં પરાનીતિનો પ્રદેશ શરૂ થાય છે. તે સાધક ઉચ્ચમાં ઉચ્ચ એવી નૈતિક અને ધાર્મિક કલ્પનાઓને વટાવી ઉપર નિર્મળ અને અભેદ ચેતનામાં પ્રવેશે છે. ''વિશતે તદ્દનંતરમ્'' એમ ગીતા જણાવે છે. તે સાધક, તે બાદ બ્રહ્મ ચેતનામાં પ્રવેશે છે. તેથી જ આવા બ્રહ્મજ્ઞાનીઓનાં ચરિત્રને માનવી ચરિત્ર તરીકે તપાસવાની શાસ્ત્રો ના પાડે છે. ''ન દેવ ચરિતમ્ ચરેત્'' એવો તે આદેશ આપે છે. આવા સાધકની નૈતિક કલ્પના એવી હોય છે કે જે તેની ચેતનાના વિકાસમાં, આત્માનાં આવિર્ભાવમાં અવરોધ નિર્માણ કરે તે અશુભ અને અનિષ્ટ અને જે તેની ચેતનાનો વિકાસ કરે, તેનાં આત્માનાં આવિર્ભાવને

મદદ કરે, તે તેની માટે શુભ અને ઈષ્ટ બની જાય છે. પોતાનાં વર્તનમાં પણ તે અન્ય માટે આ જ સિદ્ધાંતો વાપરે છે.

સારાંશ માનવીની નૈતિક કલ્પનાઓ, એ ચેતનાનાં વિકાસમાં અનેક તબક્કાએ પૈકી વચગાળાનાં તબક્કાઓને જ લાગુ પડે છે. તે કાયમી સ્વરૂપની અને બધી કક્ષાઓને લાગુ પડતી હોતી નથી. નૈતિક કલ્પનાઓને લાગુ પડતી એક જ ઘટના છે, તે છે ચેતનાના વિકાસની ઝંખના. આ ઝંખના જડ પદાર્થોમાં નીતિરહીત હોય છે. પ્રાણીઓમાં તે અવનૈતિક હોય છે. માનવીમાં તે નૈતિક બને છે અને અતિમાનવ કક્ષાએ તે પરનૈતિક હોય છે.

આ થઈ વ્યક્તિગત કક્ષાનો નૈતિક કલ્પનઓનો વિકાસ પણ નૈતિક કલ્પના તે બાદ અથવા તેની સાથે વૈશ્વિક કક્ષા પણ ધારણ કરે છે. પોતાની ચેતનાનો વિકાસ આગળ વધારીને તેને વૈશ્વિક ચેતનાનાં વિકાસનો તબક્કો આ રીતે શરૂ થાય છે. પણ આ વિકાસમાં પણ નૈતિક કલ્પનાનો સથવારો અમૂક કક્ષા સુધી જ રહે છે અને ત્યારે સાધક વૈશ્વિક ચેતનાને અને નૈતિક કલ્પનાઓને ઓળંગીને તેની પેલી પાર જતો રહે છે.

સારાંશ, નૈતિક કલ્પનાઓ વ્યક્તિગત તથા વૈશ્વિક ચેતનાનાં વિકાસમાં અમૂક હદ સુધી જ ઉપયોગી બને છે. તે બાદ તેની પેલી પાર ચેતના જતી રહે છે.

આનું કારણ એ છે કે નીતિની કલ્પના ત્યારે જ ઉપયોગી બને છે જ્યારે વ્યક્તિગત કે વૈશ્વિક કક્ષાએ અવરોધ નિર્માણ થતો હોય. અવરોધ વગર નૈતિક કલ્પનાઓ ટકી શકતી નથી. અને અવરોધ ભેદદૃષ્ટિ ઉપર આધાર રાખે છે. જ્યાં શુભ-અશુભ, પાપ-પુણ્ય અને ઈષ્ટ-અનિષ્ટના દ્વંદ્વો હોય ત્યાં જ નૈતિક કલ્પનાઓ કામ આવે છે. પણ જ્યારે ગીતા કહે છે તેમ સાધક 'દ્વંદ્વાતીત' બની જાય છે ત્યારે નૈતિક કલ્પનાઓનો ઉપયોગ રહેતો નથી. બ્રહ્મતત્વ દ્વંદ્વાતીત છે. તેથી તે બ્રહ્મ ચેતનામાં નૈતિક કલ્પનાઓને પ્રવેશ મળતો નથી. નૈતિક કલ્પનાઓ એ કામચલાઉ વસ્તુ છે.

સારાંશ જગતનાં ત્રણ સ્તરો છે. નીતિથી નીચેના અને નીતિથી ઉપરનો.

આ ત્રણે સ્તરોમાં જે સમાન તત્ત્વ હશે તે જ જગતની અને દુઃખની સમસ્યાઓનું નિરાકરણ કરી શકશે અને સમાન તત્ત્વ છે ચેતનાનાં વિકાસની ઝંખના.

ચેતના વિવિધ રૂપો નિર્માણ કરીને તેમાં પોતાનો મૂળભૂત આનંદ શોધી રહી છે શાસ્ત્રો જેને સર્ગ કહે છે, તે જગતનાં નિર્મિતિનું કારણ આનંદ જ છે. આનંદને પોતામાં રહેલ અનંત સ્વરૂપોને વ્યક્ત કરવા છે. તે માટે જ ચેતના વિવિધ રૂપોને ધારણ કરી રહી છે. આનંદ એ ચેતનાની સહજાવસ્થા છે. તે તેની સ્વાભાવિક અવસ્થા છે. અવનવા રૂપો નિર્માણ કરતી વખતે તે એક સ્તરનાં રૂપો નિર્માણ કરે છે. જેને શાસ્ત્રો 'યોનિ' કહે છે. તે બાદ ચેતનાનો વિકાસ કરીને તેની શ્રેષ્ઠ કક્ષાની 'યોનિ' નિર્માણ કરે છે. આવી રીતે ચેતનાનો વિકાસ એક કક્ષાએથી ઊર્ધ્વકક્ષામાં થતો હોય છે. ઉપરની કક્ષાએ ગયા પછી નીચલી કક્ષાની ચેતના તે ઉપલી કક્ષાએ પોતાનો પૂર્ણ આવિર્ભાવ કરી શકતી નથી. તેનો વિકાસ અવરોધાતો તે અનુભવે છે. આ અવરોધ જ દુઃખરૂપે, પીડા અને યાતના તરીકે પ્રકટ થાય છે. તે અવરોધ હટાવવા માટે ચેતના એકાગ્ર થઈ પ્રયત્ન કરે છે, ત્યારે તે 'તપ'માં જ દુઃખ અને કસોટી થતી જણાય છે. આ ચેતનાનાં આવિર્ભાવમાં થતો અવરોધ દુઃખરૂપે આપણે અનુભવીએ છીએ. દુઃખનું આ જ સાચું સ્વરૂપ છે.

દુઃખનો આવિર્ભાવ ત્યારે જ થાય જ્યારે તે મૂળભૂત બ્રહ્મ ચેતનામાં પણ બીજ સ્વરૂપે રહેતું હોય. ગૌતમ બુદ્ધ આ બાબતનું સ્પષ્ટિકરણ નીચે મુજબનું આપે છે. જગતનું આદિકારણ શૂન્ય છે. - 'સર્વં શૂન્યમ્ શૂન્યમ્' શૂન્ય એવી અવસ્થા છે જ્યા શૂનકાર છે જ્યાં અવકાશ છે. દરેક વસ્તુનો ત્યાં એક નિરપેક્ષ અભાવ છે, ત્યાં સત્-અસત્, ચેતન-અચેતન, આનંદ-દુઃખ વગેરે જુદાં પાડી શકાતા નથી. આવા બધાં જ દ્વંદ્વો અને ભેદો તેમાં લીન અવસ્થામાં પડેલાં હોય છે. આવા ત્યાં કોઈ ભેદભાવ નથી. પણ બધાં જ બીજરૂપે રહેતાં હોય છે. તેથી તેમાંથી તેઓ તે બાદ આવિર્ભાવ પામવા લાગે છે. બધી જ શક્યતાઓ ત્યાં ગૂઢ રીતે રહેલી છે. તેમાં વિશ્વમાંની બધી જ શક્યતાઓ સમાન રીતે, અપ્રકટરૂપે

પડેલી હોય છે તે વિશ્વ નિર્માણ પહેલાંની અવસ્થા છે. તે બધાંની લયાવસ્થા છે. વેદો તેને 'રાત્રિ' અથવા 'તમસ' કહે છે.

પણ આ પ્રકારનું સ્પષ્ટીકરણ આપણને ખરેખર કોઈ સ્પષ્ટીકરણ આપે છે ? આમાં આપણે એક નવો શબ્દ ઉમેર્યો 'તમસ' અથવા 'રાત્રિ'. શા માટે બીજ સ્વરૂપ પ્રકટ થવા માંડે છે તેનું કોઈ કારણ નથી જણાતું.

તેથી આપણે ફરી બ્રહ્મતત્ત્વની સચ્ચિદાનંદ સ્વરૂપની વ્યાખ્યા તરફ પાછા વળવું પડે છે. બ્રહ્માનંદ અર્થાત્ બ્રહ્મતત્ત્વનું આનંદમય પાસુ, માનવી આનંદ કરતાં જુદાં સ્વરૂપનું છે. માનવી આનંદ અમૂક સમય દરમિયાન જ પ્રકટ થાય છે. તે પ્રાસંગિક હોય છે. બીજું, તે કોઈ બાહ્ય વસ્તુ કે વ્યક્તિને કારણે પ્રકટ થાય છે. પોતાની મેળે નહિં. ત્રીજું, તે ઇન્દ્રિયોનાં સંવેદનો અને ઊર્મિનાં ઊભરા સ્વરૂપ હોય છે. સંવેદનો અને ઊર્મિઓ એ તેનાં આવિર્ભાવનાં માધ્યમ હોય છે. ત્યારે જ તે મૂર્ત થાય છે. વાસ્તવિક બને છે.

---

(પૃષ્ઠ ૧૬ ઉપરથી)

## **માતૃવાણી**

પ્રેમ ઢાળે છે. આ બન્ને પ્રક્રિયા સુસંવાદી રીતે ચાલશે ત્યારે સાચો દિવ્ય-પ્રેમ પ્રગટ થશે.

માનવદ્વારા પણ તે આ રીતે પ્રગટ થવાં પ્રયત્ન કરી રહ્યો છે. બાળક પ્રત્યે માતાનો પ્રેમ આ તેનો સહુથી પરિચિત દાખલો છે પણ તેમાં માનુષી-ભાવનાની ભેળસેળ થયેલી હોય છે.

દિવ્ય-પ્રેમ જ વિભૂતિઓ વ્યક્તિસ્વરૂપો ધારણ કરી પોતાને વધારે શુદ્ધ, પૂર્ણ રીતે પ્રગટ કરવાં પ્રયત્ન કરી રહ્યો છે. તેને કારણે ભાગવત-પ્રેમને લોકો વધારે સારી રીતે જાણી શકે છે. તેની ઘણી રૂપરંગ, છટાઓ નિર્માણ થાય છે, પણ તે બધાનો સમાવેશ પેલા સર્વવ્યાપી, નિર્વૈયક્તિક-પ્રેમતત્ત્વમાં થઈ જાય છે. માનવી-પ્રેમ જ્યારે પ્રભુ તરફ વળે છે ત્યારે તેને દિવ્ય-પ્રેમનો પરિચય થાય છે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# દિવ્ય-પ્રેમ

(માતૃવાણી-૩ પૃ. ૬૩ - ૭૪)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ પ્રેમ એ વિશ્વની મહાન શક્તિઓમાંની એક છે.

એ શક્તિ સ્વનિર્ભર છે; અને જે પદાર્થોમાં અને જે વ્યક્તિઓ દ્વારા તે આવિર્ભાવ પામે છે તેમનાંથી તે સ્વતંત્રપણે કાર્ય કરે છે. - પૃ.૩/ ૭૫

૨ તેને પ્રત્યુત્તર આપી શકે તેવાઓમાં તે આંદોલનો જાગ્રત કરે છે. - પૃ.૩/૭૫

૩ પણ મનુષ્ય આ લાગણીને કેવળ પોતાની અંગત અનુભૂતિ તરીકે સમજે છે - પૃ.૩/૭૫

૪ પ્રેમના મૂળ સ્વરૂપ પ્રત્યે અને તેના સત્ય પ્રત્યે જેનું અંતર ખુલ્લું નહિ થયું હોય, તે ભગવાનની સમીપ નહિ જઈ શકે. - પૃ.૩/૭૬

૫ જગતમાં પ્રભુએ પોતાનાં પ્રેમનો આવિર્ભાવ એક પરમ બલિદાનરૂપે, પરમ આત્મ-સમર્પણરૂપે કર્યો છે. પૃ.૩/૭૭

૬ પ્રેમશક્તિનું કાર્ય ફક્ત માનવજાતિમાં જ મર્યાદિત નથી. પૃ.૩/૭૮

૭ દિવ્ય-પ્રેમ પોતાનાં આવિર્ભાવને પૃથ્વી ઉપર છેક સ્થૂળમાં સ્થૂળ જડતત્ત્વ સુધી વિસ્તારે છે. પૃ.૩/૭૯

૮ દિવ્ય-ભાગવત પ્રેમ પોતે જ પોતાનો સાક્ષાત્કાર સરળ અને સંપૂર્ણ થાય તે હેતુથી વ્યક્તિઓનું સ્વરૂપ લઈ રહ્યો છે. પૃ.૩/૮૧

❖

> ''માતાજી, માનુષી-પ્રેમ અને દિવ્ય-પ્રેમમાં તફાવત શું છે ? શું માનુષી-પ્રેમ દિવ્ય-પ્રેમમાં અંતરાયરૂપ બને છે? શું માનુષી-પ્રેમ દિવ્ય-પ્રેમનું જ એક સ્વરૂપ નથી ? ક્રાઈસ્ટ, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદે માનુષી-પ્રેમમાં જ પ્રભુ-પ્રેમ નિહાળેલો.''

''દિવ્ય-પ્રેમ એ અનેક દિવ્ય-શક્તિઓમાંની એક છે. તે સ્વતંત્ર અને સ્વનિર્ભર શક્તિ છે. માધ્યમની મર્યાદાઓ તેને સ્પર્શતી નથી. તે પોતે જ આવિર્ભાવ પામવા પ્રયત્નશીલ છે, જે કરણ યોગ્ય લાગે તેને તે પસંદ કરે છે, અયોગ્ય કરણને ત્યાગે છે, તે નિર્વૈયક્તિક છે.

પણ માનવ તેને વ્યક્તિગત-ભાવના તરીકે અનુભવે છે અને સમજે છે એ તેની ભૂલ છે. તે તો સનાતન અને વિશ્વવ્યાપી તત્ત્વ છે, શક્તિ છે અને કાયમ શુદ્ધ, પૂર્ણ-અવસ્થામાં જ રહે છે. તેમાં દેખાતી ઊણપો તે વાસ્તવિક રીતે કરણની ઊણપો હોય છે. કરણની અહંતા અને અજ્ઞાન તે નિર્માણ કરે છે. તે દરેક માનવના હૃદયમાં દિવ્ય-અભીપ્સા તરીકે પ્રગટ થાય છે, જે પ્રભુ પ્રત્યેનાં પ્રેમસ્વરૂપ જ છે. પણ માનવની માનવસુલભ વાસનાઓ, ગેરસમજો તેને વિરૂપ બનાવે છે.

જ્ઞાનીઓ જો પ્રેમતત્ત્વને ન માને તો અમૂક કક્ષાની ઉપર પ્રગતિ કરી શકતાં નથી. તેઓ અક્ષરબ્રહ્મમાં અટવાઈ જાય છે. પુરુષોત્તમ - ચેતનામાં પ્રવેશ મેળવી શકતાં નથી. આગળ જતાં જ્ઞાન અને પ્રેમનો ભેદ જ ભૂંસાઈ જાય છે. જ્ઞાન એકરૂપતામાં જેમ વિલીન થાય છે, તેમ પ્રેમ પણ એકરૂપતા જ ઝંખતું હોય છે. એકરૂપતામાં સ્વયંજ્ઞાન અને સ્વયંપ્રેમ એકરૂપ બની ગયેલાં હોય છે.

દિવ્યપ્રેમમાં નિઃશેષ સમર્પણ, બિનશરતી સમર્પણ, માગણી વગરનું સમર્પણ હોય છે. અમૂક અવતારોમાં તે વિશેષરૂપે પ્રગટ થએલ છે દા.ત. ઈશુખ્રિસ્ત, ચૈતન્ય મહાપ્રભુ વગેરે. પણ તેમાં માનુષી-છાંટ, ભાવનાઓનો આવેગ ન દેખાવાથી જગત તેમનાં પ્રેમને જલદી સમજી શકતાં નથી. દિવ્ય-પ્રેમ શાંત, ગંભીર, નિરપેક્ષ, નિર્લેપ-સ્વરૂપનો હોવાથી માનવોને તે પ્રેમ છે એવું લાગતું નથી.

પ્રભુએ અનંતરૂપે પ્રગટ થવાં પોતાનાં આનંદમય સ્વરૂપનો, પોતાની અસીમતાનો, પોતાની સર્વજ્ઞતાનો, પોતાની સર્વસમર્થતાનો, પોતાની સુંદરતાનો

ત્યાગ કરેલ છે. તે તેમનું મહાન-આત્મબલિદાન છે, જે દિવ્ય-પ્રેમને કારણે જ કરવામાં આવ્યું છે.

દિવ્ય-પ્રેમ ફક્ત વિકસિત માનવજાતિમાં જ પ્રગટ થાય છે આ માન્યતા ભૂલ ભરેલી છે. દિવ્યપ્રેમ કદાચ માનવેત્તર ભૌતિક-સૃષ્ટિમાં તો તે વધારે શુદ્ધ સ્વરૂપે પ્રગટ થઈ શકે છે.''

''માતાજી, દિવ્ય-પ્રેમનાં આવિર્ભાવમાં પ્રાણમય-સત્તાઓ સહભાગી થઈ શકે છે? તે કેવી રીતે?''

દિવ્ય-પ્રેમના આવિર્ભાવમાંથી કોઈ ક્ષેત્ર બાકાત રહી શકતું નથી, તેથી તેમાં પ્રાણમય-સત્તાઓ પણ આવી જાય છે. પ્રાણની મદદ વગર પ્રગતિ શક્ય જ નથી. પ્રાણે જ જડતત્ત્વમાં ચેતન પૂર્યું છે. ઉચ્ચત્તર-ભૂમિકાઓને આ ભૌતિક-જગત સાથે જોડવાનું કામ પ્રાણ જ કરે છે. આ વ્યવસ્થા જ દિવ્ય-પ્રેમને ભૌતિક-જગતમાં અવતરણ કરાવવા મદદરૂપ બને છે.

પણ પ્રાણતત્ત્વને વિરોધી-શક્તિએ અશુદ્ધ કરી નાખ્યું છે. હિંસા, ક્રૂરતા, સ્વાર્થ, અહંભાવ, અભિમાન, કામનાઓની મજબૂત પકડ; આ બધી વિકૃત્તિઓ સર્જનાર અદિવ્ય-તત્ત્વો છે. તેઓ પ્રાણને વિકૃત્ત કરી નાખે છે. આ વિકૃત્તિઓ દબાવવાથી નષ્ટ થતી નથી, પણ રૂપાંતરિત કરીને જ તેમને નિર્મૂળ કરવામાં આવે છે.

માનવે જ્યારે-જ્યારે શુદ્ધ પ્રેમને પ્રગટ કર્યો છે ત્યારે જીવનને ભવ્ય અને સુંદર બનાવ્યું છે. પણ આ ઉત્કટતા ટકી શકતી નથી, કારણ પ્રાણને પોતાનાં અસ્તિત્વનો સાચો મૂળભૂત હેતુ ખબર હોતો નથી. તે પોતાનું ધ્યેય અજ્ઞાનને કારણે વૈયક્તિક સ્વરૂપનું ધારે છે. પ્રાણનો સાચો હેતુ છે સમગ્ર સૃષ્ટિને પ્રભુ પ્રત્યેની અભીપ્સામાં જોડવી. શુદ્ધ અભીપ્સા નિર્માણ કરવી. એ પ્રાણનું પ્રાથમિક કાર્ય છે. તેણે જ જડ, તમોગ્રસ્ત પાર્થિવતત્ત્વમાં ભૂસકો મારી તેને વલોવવાનું કામ શરૂ કર્યું, જેથી તેની દ્વારા પ્રભુપ્રેમની અભીપ્સા પ્રગટ થાય. પ્રભુ કૃપા તરીકે જગત ઉપર પ્રેમ ઢાળે છે, જ્યારે જગત અભીપ્સારૂપે પ્રભુ ઉપર

(અનુ. પૃષ્ઠ ૧૩ ઉપર)

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## પ્રકાશમય-મનનો સાક્ષાત્કાર

પ્રકરણ-૧૫૦

(Savitri B-1, C-5, P- 74)

This knowledge first he had of time-born men.
Admitted through a curtain of bright mind
That hangs between our thought and absolute sight,
He found the occult cave, the mystic door
Near to the well of vision in the soul,
And entered where the Wings of Glory brood
In the sunlit space where all is for ever known.

અશ્વપતિમાં જગતની રચના અને ઉત્પતિ વિષે નવો જ દૃષ્ટિકોણ વિકસી રહ્યો છે. વિશેષત: માનવ જન્મનાં આધ્યાત્મિક કારણોની તેને સમજણ મળી રહી છે. અશ્વપતિને પ્રથમ વખત જ આ પ્રકારે સમજણ જાણે આપવામાં આવી છે. અશ્વપતિની સાધનાને કારણે તેનું દ્યુતિમનસ (bright mind) હવે અગ્રભાગે આવીને સીધે સીધું કામ કરવા માંડયું છે તેની દ્વારા તેને આ ગૂઢજ્ઞાન પ્રાપ્ત થઈ રહ્યું છે પણ અશ્વપતિ જાણે છે કે આ પ્રકાશમય મન એકાંઈ અંતિમ તત્ત્વ નથી તે તો પ્રભુનું એક શુદ્ધ અને દિવ્ય માધ્યમ માત્ર (curtain) જ છે. પ્રકાશમય મન એ એક વચગાળાની અવસ્થા છે જે આપણું વિચારમય મન અને અતિમનસ જેમાં એક વૈશ્વિક સમગ્રતાની સમજણ આવે છે (absolute sight)

તેની વચમાંની અવસ્થા છે પણ આ પ્રકાશમય મનનું પણ એક અનેરું મહત્ત્વ છે. તેમાંથી જ આધ્યાત્મિક જગતમાં જવાનો એક ગૂઢ માર્ગ જડે છે (mystic door) તે એક ગૂઢ ગુફા જેવું છે. આનું સ્થાન ભૂમધ્ય છે જેનાં થકી આત્મતત્ત્વ પોતાનો ચિત્તવિલાસ, પોતાની સાકાર અને નિરાકાર બન્ને લીલા જોઈ શકે છે. યોગનું કથન છે કે ભૂમધ્યથી માંડીને સહસ્રાર ચક્ર સુધી એક ભોંયરા જેવો ભાગ કારણ શરીરમાં હોય છે (soul) તેને તેઓ બ્રહ્મરંધ્ર કહે છે. આ ભોંયરા જેવાં માર્ગને જ શ્રી અરવિંદ અન્યત્ર (tunnel) તરીકે વર્ણવે છે. અહિં તેને ( occult cave) ગૂઢ ગુફા તરીકે વર્ણવેલ છે તે ભોંયરાનું મુખ ભૂમધ્યમાં છે તેમાંથી અનાહતનાદ ઉપરથી આવતો અનુભવાય છે અને તે અનાહત નાદથી આકર્ષાઈને સાધક તે ભોંયરાના માર્ગે પોતાની ચેતનાને ઉપર ચડાવે છે તેને તે ભોંયરાના સામે છેડે એક અસીમપ્રકાશ દેખાય છે ત્યાં નિરાકાર-ચેતનાનું રાજ્ય હોય છે તે ચેતનાના નીચલા પ્રકાશમય સ્તરને જ શ્રી અરવિંદ પ્રકાશમયમન, મધ્ય સ્તરને આંતરપ્રેરણાત્મક મન અને ઊર્ધ્વ સ્તરને અધિમનસ કહે છે. અશ્વપતિને અહીં પ્રકાશમય મનનો અનુભવ આવી રહ્યો છે તેની દ્વારા તેને આંતરપ્રેરણાત્મક મને મોકલેલી આંતર-પ્રેરણાઓ અને સમજણનાં પ્રવાહો નીચે-નીચે અવતરણ પામી પ્રગટ થતાં અનુભવાય છે તેથી તે પ્રકાશમય મનને પડદો અર્થાત્ ('curtain')કહે છે. પ્રકાશમય મનમાં ચેતના સ્થિર, શાંત અને સંવાદમય થયેલી હોય છે તેનું વર્ણન શ્રી અરવિંદ પડી ગયેલાં પવનરૂપે (Wings of Glory brood) કહે છે અને તે ચેતના પ્રકાશમય હોવાથી ('Glory') શબ્દ વાપરી તેની વિશેષતા સૂચવે છે.

આ ચેતનાનો પ્રકાશમય પ્રદેશ સૂર્ય-પ્રકાશિત અવકાશ જેવો લાગે છે. (sunlit space) આ પ્રકાશમય મનની વિશેષતા એ હોય છે કે અહીં કોઈ વસ્તુ બાબત જાણવાની ઈચ્છા થતાં જ ઊર્ધ્વમાંથી આંતર પ્રેરણાત્મક પ્રવાહો નીચે વહી આવે છે અને તેને આંતરિક રીતે શંકા વગરનું નિશ્ચિત જ્ઞાન આપી દે છે તેથી આ કક્ષાએ બધું જ જાણીતું જ હોય છે (all is for ever known) એમ

જણાવે છે.

Indifferent to doubt and to belief,

Avid of the naked real's single shock

He shore the cord of mind that ties the earth-heart

And cast away the yoke of Matter's law.

અશ્વપતિને ડગલે ને પગલે આવતી અનુભૂતિઓને કારણે તેનાં મનમાં શંકા-કુશંકા ટકતી જ નથી. તેમજ અંધવિશ્વાસ પણ (belief) ટકતો નથી. કારણ અંધવિશ્વાસમાં પૂરાવા વગર, અનુભવ વગર માની લેવામાં આવે છે પણ અહીં તો પ્રકાશમય મન તેને ખાતરીલાયક જ્ઞાન આપી દે છે. પછી અંધવિશ્વાસનો સવાલ જ ક્યાં રહે છે. બીજી બાજુ તેને જે પ્રત્યક્ષ નક્કર વાસ્તવિકતાઓના (naked real's) જે નકકર અનુભવ આવી રહ્યાં છે અને તેવા અનુભવો મેળવવા માટે જાણે તે લોભીયો (Avid) બની ગયો છે તેવી પરિસ્થિતિને કારણે તેની શંકાઓ અને અંધવિશ્વાસ જેવી ઘટનાઓને જાણે તે એક ધક્કે જ ખદેડી મૂકે છે (single shock) આપણે સદા ભૌતિક-ચેતનામાં જ સંકુચિત રીતે રહેવાથી આપણાં મનને ભૌતિક વાસ્તવિકતાઓને જ મહત્ત્વ દેવાની ટેવ પડી ગઈ છે અને શ્રી અરવિંદ શારીરિક મન અથવા (physical mind) કહે છે. અહિં તેને (earth-heart) કહે છે જ્યારે-જ્યારે આવું શારીરિક મન યોગિક અનુભૂતિઓની વાસ્તવિકતાને બદલે શારીરિક વાસ્તવિકતાને મહત્ત્વ આપવાની ટેવને અનુસરે છે ત્યારે અશ્વપતિ પોતાના સંકલ્પ બળે તે મનને આંચકો આપી સાવધ કરે છે. જેમ નીચે ઊતરી પડતા પતંગને પતંગવીર દોરીનો ઝટકો મારી તેને ઉપર ચડાવે છે તેમ અશ્વપતિ પણ પોતાની જીવંતશ્રદ્ધા; અને નિષ્ઠાનાં જોરે તેને ઝટકો મારી તેવી હલકી પ્રવૃત્તિઓમાંથી આબાદ બચાવી લે છે આમ કરવાથી શારીરિક મન દ્વારા જે ભૌતિક-તત્ત્વની ધૂંસરી (Matter's yoke) આપણે સ્વીકારી લઈએ છીએ તેને અશ્વપતિ ફગાવી દે છે.

શ્રી અરવિંદે સાધના દરમિયાન આ શારીરિક મન કેવી ખલેલો પહોંચાડે છે

તેનું વિશદ વર્ણન કરેલ છે. એક તબકકે તો તેઓ એમ કહેતા કે તે તત્ત્વ જ નકામું છે. પણ કોષોની સાધના દરમિયાન જ્યારે તેમને તે જ મનની નવી સમર્થ ભૂમિકા દેખાઈ ત્યારે તેમણે પોતાનો મત બદલીને શારીરિક મનને કેળવીને જો કોષોને દિવ્ય કરતાં આવે તો અવચેતન અને અચેતનનો પ્રભાવ નિશ્ચિત દૂર કરી શકાશે એવા વિચારો જણાવેલા છે.

The body's rules bound not the spirit's powers:
When life had stopped its beats, death broke not in;
He dared to live when breath and thought were still.

આત્મતત્ત્વના સામર્થને શરીરની મર્યાદા બાંધી શકતી નથી તે માટે શ્રી અરવિંદ શારીરિક મનની ઉપયોગિતા અને મહત્ત્વ દર્શાવતા એક હકીકત તરફ ધ્યાન દોરે છે. જ્યારે સમૃદ્ધિમાં વ્યકિતનાં હૃદયનાં ધબકારાં બંધ પડી ગયેલાં હોય છે પણ શરીરનું મૃત્યુ થયેલ હોતું નથી તેવી અવસ્થામાં પણ અશ્વપતિને અનુભવ છે કે તેઓ જીવતાં જ પાછાં આવી ગયેલાં છે તે અવસ્થામાં શ્વાસ તો થંભી ગયેલો જ હોય છે અને વિચારોનાં પ્રવાહો બંધ થઈ જવાથી મન પણ સ્થિર થઈ ગયેલ હોય છે અને છતાં આત્મતત્ત્વનો રોજીંદો અનુભવ સાધક લઈ શકે છે. આનો અર્થ એ કે આત્માની શક્તિ અપ્રતિકૃત છે તે અક્ષય છે અવિરોધ્ય છે.

શાસ્ત્રોમાં જણાવેલ છે કે શ્વાસ થંભી ગયા પછી એક ઘટીકા સુધી દશ પ્રાણમાંનો ધનંજય વાયુ તો પોતાનું કાર્ય કરતો જ હોય છે અને તેમાં વ્યકિતને ફરી જીવંત કરવાની ક્ષમતા હોય છે તે શરીરની બહાર નીકળ્યા પછી વ્યકિતનું મૃત્યુ નિશ્ચિત થઈ જાય છે. ધનંજય શબ્દનો અર્થ અગ્નિ અથવા પ્રકાશ છે. પ્રકાશમય મનની શક્તિ એ જ ધનંજય છે તે જીવન-ધનની રક્ષા કરનાર કહ્યો છે.

**ગ્રાહકોને વિનંતિ**

પોસ્ટ ઓફીસની આંતરિક મુશ્કેલીઓને કારણે ઘણાં ગ્રાહકોને એક તારીખે પોસ્ટ કરેલાં અંકો પંદર તારીખ સુધીમાં મળે છે. તેથી તે પછી પણ ન મળે તો અમને જાણ કરવા વિનંતિ - **ટ્રસ્ટી મંડળ (૯૪૨૭૨ ૨૨૪૧૫)**

## યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

# અવચેતનનું સ્વરૂપ

(ભાગ.૧, પૃ.૩૯૨-૩૯૮)

પ્રકરણ - ૨૩

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ સ્થૂલ-શારીરિક, ચેતનાનો એક સ્વતંત્ર ભાગ છે. પૃ.૩૯૨

૨ એક સૂક્ષ્મ-શારીરિક વિભાગ પણ છે અને તેની અંદર વધારે સૂક્ષ્મ-ચેતના આવેલી છે. પૃ.૩૯૨

૩ શરીરની નાડીઓ સ્થૂલ-શરીરનો એક ભાગ છે, પરંતુ તેમનો વિસ્તાર સૂક્ષ્મ-શરીરમાં પણ થયેલો હોય છે. પૃ.૩૯૩

૪ કોષો એ શરીરો માટેનો શબ્દ છે. પૃ.૩૯૩

૫ બીજી ભૂમિકાઓ ઉપર સ્વરૂપનો દેખાવ સ્થૂળ-શરીર જેવો જ હોવો જોઈએ એ પ્રમાણે નથી..... કોઈક પ્રકારનો તફાવત હોય છે. પૃ.૩૯૪

૬ અવચેતનનો અર્થ ચેતનાની સપાટી નીચે ડૂબી ગયેલો - સ્વરૂપનો ભાગ. પૃ.૩૯૪

૭ સપાટી ઉપરની ચેતના ઉપર સતત આંતર-ચેતનાનાં સ્પર્શો..... અથવા પ્રભાવો આ બધાં પૃષ્ઠસ્થ ચેતનાનાં મૂળોમાંથી આવે છે. પૃ.૩૯૫

૮ અવચેતનનો ભાગ જાગૃત શારીરિક-ચેતનાથી નીચે આવેલો છે. પૃ.૩૯૫

૯ અવચેતન સમષ્ટિગત તેમ જ વ્યક્તિગત પણ હોય છે. પૃ.૩૯૬

૧૦ અવચેતન અચિત્ તત્ત્વ અને અચેતન મન, પ્રાણ અને શરીર વચ્ચે રહેલું છે. પૃ.૩૯૬

૧૧ તેમાંથી (અવચેતનમાંથી) નીચે રહેલી વસ્તુઓ શારીરિકમાં અને મનની પ્રકૃત્તિમાં ઉપર ઊઠી આવે છે. પૃ.૩૯૭

૧૨ અવચેતન આપણાં સ્થૂળ સ્વરૂપનો પાયો છે. પૃ.૩૯૮

૧૩ અવચેતન બુદ્ધિહીન ટેવોથી ભરપૂર હોય છે. પૃ.૩૯૮

૧૪ ઈન્કાર કરેલી તે વસ્તુઓ..... અવચેતનમાં ડૂબી જાય છે..... પછી ઉપર ઊઠી પણ આવે છે. પૃ.૩૯૮

*********************

શારીરિક-ચેતનાનું પોતાનું અલગ અસ્તિત્ત્વ છે. શારીરિક તત્ત્વની જેમ શારીરિક ચેતના છે, તેમ જડતત્ત્વોની, પદાર્થની જડ ભૌતિક-ચેતના હોય છે. તે બહારથી ગતિ મળે ત્યારે જ સક્રિય બને છે. તેમાં અસંવદનશીલતા અને જે છે એ સ્થિતિમાં જ રહેવાની જડતા હોય છે. વ્યક્તિ જ્યારે આવી ભૌતિક-ચેતનામાં સરી પડે છે ત્યારે તેને થાક અને તમસ, પ્રમાદ અનુભવાય છે. તેનાં મનમાં મૂઢતા પ્રવેશે છે, પ્રાણમાં આળસ, આ ભૌતિક તત્ત્વમાં પ્રકાશનાં પ્રવેશ સિવાય અવચેતન અને અચેતનમાં કાર્ય કરી શકાતું નથી. આ ચેતનામાં પ્રકાશના પ્રવેશ માટે શ્રી અરવિન્દને પણ લાંબો સમય સાધના કરવી પડી હતી. પણ આમાં પ્રકાશને પ્રવેશ મળતાં જ અવચેતનનાં કાર્ય બાબત આપણે સભાન બનીએ છીએ, તેથી સાધનાનાં ઘણાં વિઘ્નો બાબત આપણને અગમચેતી મળી જાય છે.

શાસ્ત્રોમાં જેને મનોમય કોષ, પ્રાણમય કોષ, અન્નમય કોષ કહેવાય છે તેમાંના કોષનો અર્થ આવરણરૂપ શરીર થાય છે. મનોમય શરીર એ જ મનોમય કોષ છે. પ્રાણમય શરીર એ પ્રાણમય કોષ અને સ્થૂળ શરીર એ જ અન્નમય કોષ છે. આ કોષો ધારણ પણ કરી શકાય છે અને ત્યાગી પણ શકાય છે. મૃત્યુ એ અન્નમય કોષનાં ત્યાગની જ ઘટના છે.

દરેક શરીરમાં પોતાનાં તત્ત્વનું જ બનેલું નાડીજાળ હોય છે તે સ્થૂળ શરીરમાં પણ હોય જ છે અને સૂક્ષ્મ શરીરમાં પણ હોય છે.

# श्री भगवत्याराधना

प्रो. पुष्पाबेन पंडया

## महालक्ष्मी

१ शाश्वती सौन्दर्यरुपां त्वां सामञ्जस्यपरायणाम् ।
बह्मज्ञां बह्मरुपां त्वां प्रपूर्णा पूर्णताप्रियाम् ।।
२ सुगम्यां सुभगां शान्तां माधुर्यमूर्तिं मुदिताम् ।
सौकुमार्यधरां देवीं स्मितमुखीं सुकर्षिणीम् ।।
३ लावण्यां सुप्रसन्नां त्वां प्रियां प्रकृतिकोमलाम् ।
सम्मोहिनीं रोहिणीं वैष्णवीं सुभगप्रदाम् ।।
४ हिरण्यवर्णधात्रीं त्वां प्रमोदिनीं मुदप्रदाम् ।
विष्णुप्रियां विशालाक्षीं पद्मपत्र निवासिनीम् ।।
५ सर्वजन सुधाात्रीं शुभदा प्रीतिकारिणीम् ।
चारुस्मितां महैश्वर्यां महालक्ष्मीं नमाम्यहम् ।।

૧ જે શાશ્વતીરૂપ છે, જે સૌન્દર્યરૂપ છે, જે સંવાદિતા પરાયણ છે, જે ત્રિભુવન ને મોહ પમાડનારા છે, જે સૌમ્ય છે, જે આહ્‌લાદિની શક્તિરૂપ છે, જે શુભ છે એવાં આપ મહાલક્ષ્મીને હું નમન કરું છું.

૨ જે સુગમ છે, જે સુભગ (સુંદર) છે, જે શાન્ત છે, જે માધુર્યમૂર્તિરૂપ છે, જે પ્રસન્નતારૂપ છે, જે કોમલતાને ધારણ કરનારાં છે, જે સ્મિતમુખી છે, જે સર્વને પોતાના પ્રત્યે આકૃષ્ટ કરનારાં છે એવાં આપ મહાલક્ષ્મીને હું નમન કરું છું.

૩ જે લાવણ્યમય (સુંદર) છે, જે અત્યંત પ્રસન્ન છે, જે સર્વને પ્રિય છે, જે પ્રકૃત્તિથી અતિ કોમળ છે, જે મોહ પમાડનારાં છે, જે ધનધાન્યાદિ ને ઉગાડનારાં છે, જે સૌભાગ્ય પ્રદાન કરનારાં છે એવાં વૈષ્ણવી આપ મહાલક્ષ્મીને હું નમન કરું છું.

૪ જે સુવર્ણના વર્ણને ધારણ કરે છે, જે આનંદ પમાડનારાં છે, જે પ્રસન્નતા આપનારાં છે, જે વિષ્ણુને પ્રિય છે, જે વિશાળ નેત્રો ધરાવે છે, જે કમલપત્રમાં નિવાસ કરે છે એવાં મહાલક્ષ્મીને હું નમન કરું છું.

૫ સર્વ જનોને જે અમૃત આપે છે, જે શુભ આપનારાં છે, જે પ્રેમ કરનારાં છે, જે સુંદર સ્મિત કરનારાં છે, જે મહાન ઐશ્વર્યરૂપ છે એવાં આપ મહાલક્ષ્મીને હું નમન કરું છું.

# માનસિક અને અતિમાનસિક સમજણ

(ઉપનિષદો, પૃ.૧૪૨-૧૪૭)

કેનોપનિષદ બ્રહ્મ એટલે મનનું મન એવી વ્યાખ્યા આપીને સંતોષ માનતું નથી. તેમનો કહેવાનો અર્થ એ છે કે આપણાં સ્વરૂપમાંનું દરેક તત્ત્વ તેની હાલની સ્થિતિમાં નહીં પણ તેની પૂર્ણ અવસ્થામાં જ કૃતાર્થતા અનુભવે છે. આજે તે બધાં જ તત્ત્વો હજી અર્ધ-વિકસિત છે તે જ તેમના અસંતોષનું કારણ છે.

આપણી ઈન્દ્રિયોનો વિકાસ એ પણ ઉત્ક્રાંતિમાં ચાલુ જ છે. તેમનો દરજ્જો દ્વિતીય શ્રેણીનો છે કારણ તે મનનાં બાહ્યજગતનાં સંવેદનો મેળવવાનાં સાધનો છે અર્થાત્ તે મનરૂપી સાધનનાં પણ સાધન છે. તે એક કામચલાઉ વ્યવસ્થા લાગે છે. કારણ હમણાં મનને તેવી જરૂર છે.

જે અજ્ઞેય બ્રહ્મતત્ત્વની વાત ઉપનિષદ કરે છે, તે આ આપણા સ્વરૂપની રચના કરે છે, તેમનો ઉપયોગ કરે છે, તેમનું નિયંત્રણ અને સંચાલન કરે છે. તેથી હાલમાં તેને આપણું આત્મતત્ત્વ આ અવિકસિત શરીરમાં છે તે મુજબની ગોઠવણ અને કાર્ય કરવું પડે છે.

સંવેદનો એ પ્રાણશક્તિનાં આંદોલનો હોય છે, જે ચેતાવાહક તંત્ર બાહ્ય વસ્તુના સંપર્કમાં ઈન્દ્રિયો દ્વારા આવવાથી નિર્માણ થયેલાં હોય છે, તેથી તેમને પ્રાણમય જ કહેલાં છે. મન તે સંવેદનોમાંથી માનસપ્રતિમા રચે છે, પણ સંવેદનોનો આ મૂળભૂત અર્થ નથી. તે તેમનું બાહ્ય સ્વરૂપ માત્ર છે.

ખરેખર તો તે સભાનતાનાં નાના-નાનાં આવિર્ભાવો છે. પછી તે

સાંભળવાના હોય, સ્પર્શના હોય કે જોવાનાં, સ્વાદ કે ગંધનાં હોય. પ્રાણશક્તિ એ સત્-ચિત્-આનંદમાંના ચિત્-શક્તિનું જ નિમ્નસ્વરૂપ છે અને જેનો સ્વભાવ છે સભાન બનવું, જાણવું.

આ પ્રાણશક્તિ ત્રણ પ્રક્રિયા કરે છે - પ્રથમ શારીરિક સંવેદનો, પછી પ્રાણમય સંવેદનો જે ચેતાવાહક તંત્રમાં જાગે છે તે અને છેલ્લે માનિસક-સંવેદનો જે મનમાં જાગે છે.

આ ત્રણ પ્રક્રિયાને અનુસરવાનું કારણ એ છે કે આપણે માનવોની ચેતના મનમાં સ્થિર છે જે ત્રીજા ક્રમાંકનો કોષ છે. સ્થૂળતાને લીધે આ મનોમય કોષની બહાર પ્રાણમય અને અન્નમય (અર્થાત્ શારીરિક) કોષનું આવરણ છે તેથી પ્રથમ શારીરિક સંવેદનો જાગે છે. જે અન્નમયકોષની પ્રતિક્રિયા છે. પછી પ્રાણમય સંવેદનો અને અંતે, મનોમય સંવેદનો જાગે છે જે અનુક્રમે પ્રાણમય અને મનોમય કોષની પ્રતિક્રિયાઓ છે. તે બધાં કોષોની ગ્રહણક્ષમતાનું પાસું છે. આમ, વસ્તુમાંથી નીપજતાં આંદોલનો આવી રીતે ક્રમશઃ સંવેદનો રચતાં-રચતાં અંતે મન પાસે પહોંચે છે.

તો સંવેદનનો અર્થ હાલનાં તબક્કે એવો લેવાય છે કે જેમાં વસ્તુ મન સાથે સંપર્કમાં આવી માનસપ્રક્રિયા રચે છે.

આ શરીરમાંની મનમાં સ્થિર થયેલી ચેતનાની દૃષ્ટિએ આજનું આયોજન છે.

હવે ધારો કે એવું એક મનોમય જગત છે જેમાં અન્નમય અને પ્રાણમય કોષનાં સ્થૂલ આવરણ નથી તેમાં મન બાહ્ય મનોમય જગતનાં સંવેદનો સીધેસીધાં મનોમય સંવેદનો દ્વારા જ મેળવી લેશે. ત્યાં શારીરિક કે પ્રાણમય સંવેદનો રચવાની જરૂર જ નહિ હોય. તેથી શરીરસ્થ મનને જે મર્યાદાઓ પડે છે, તે મર્યાદાઓ ત્યાં મનને નહિ હોય. તે વધારે મુક્ત રીતે કાર્ય કરી શકશે, છતાં અહીં પણ માનસિક સંવેદનો તો હશે જ.

# વેદ-રહસ્ય

- શ્રી અરવિન્દ

# વરુણ અને મિત્રનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૦૨-૧૧૦)

પ્રકરણ -૧૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શ્રી અરવિન્દ સૂચવે છે કે વેદોમાંની સાધનામાં અનુભવાતી ત્રણ દેવીઓ સ્વરૂપ ઈલા, સરસ્વતી, સારમા સાથે દક્ષિણા (એકાગ્રતા) એ ચોથી દેવી ગણાવી જોઈએ. આમ ઋત્-ચેતનાની ચાર શક્તિઓ થઈ. ઈલા એટલે આંતર-દર્શન ક્ષમતા, (દૃષ્ટિ) સરસ્વતી આંતરશ્રવણ (શ્રુતિ) ક્ષમતા. સારમા આંતર પ્રેરણા છે અને દક્ષિણા ચૈત્તસિક સભાનતા સ્વરૂપ વિવેકશક્તિ છે. દક્ષની દિવ્યશક્તિ એ જ દક્ષિણા છે. આનો ઉલ્લેખ વેદોમાં છે.

વેદોમાં સૂર્ય એટલે સુર-શક્તિને દિવ્ય-શક્તિને જગતમાં ઠલવતું વૈશ્વિક કક્ષાનું કેન્દ્ર. તેને ઈન્દ્ર પણ કહે છે તેનું આપણામાંનું ચૈત્તસિક વ્યક્તિ-સ્વરૂપ એટલે ચૈત્યપુરુષ. તે આપણું કેન્દ્ર છે. વૈશ્વિક કક્ષાએ પ્રકાશ પાથરનાર સૂર્ય વ્યક્તિ કક્ષાએ પણ પ્રકાશ પાથરે છે. તેને આપણી સભાનતા તરીકે આપણે અનુભવીએ છીએ. તેથી તેજોમય, પ્રકાશમય મન એ જ વ્યક્તિ સૂર્ય છે અથવા ઈન્દ્ર છે. તે જ આપણી જ્ઞાનેન્દ્રિયોને સચેત કરે છે, તેથી જ આ જ્ઞાનનાં સાધનોને આપણે 'ઇન્દ્રિય' કહીએ છીએ. મનરૂપી ઇન્દ્ર, આપણાં જ્ઞાનેન્દ્રિયોનો રાજા છે. દરેક ઇન્દ્રિયોમાં એક-એક ખાસ દૈવીશક્તિની ક્ષમતા છે. દા.ત. કાનમાં આકાશની શબ્દસંવેદના અનુભવવાની, ત્વચામાં વાયુની સ્પર્શ-સંવેદના સમજવાની, આંખમાં અગ્નિની રૂપ-સંવેદના અનુભવવાની, જીભમાં જળની

સ્વાદ (રસ) સંવેદના અનુભવવાની અને નાકમાં પૃથ્વીની ગંધ-સંવેદના અનુભવવાની. આ સંવેદનાઓને જ્ઞાનેન્દ્રિયમાંથી મગજમાં બેસેલા મન સુધી પહોંચાડવાનું વહનનું કામ મરુતો (વાયુ) કરે છે, જે પ્રાણ-શક્તિ છે. તેથી ઇન્દ્ર અને મરુતો (વાયુ) આ જોડિયા દેવો સાથે જ કામ કરતા હોય છે. તેથી ગત સૂક્તમાં તે બંનેને સૌમ્ય પ્રકાશસ્વરૂપ આનંદને, સોમને, ભોગવવા માટે આવાહન કરેલ છે.

તે જ રીતે આ સૂક્તમાં મિત્ર અને વરુણ આ જોડિયા દેવો છે. મિત્ર આપણા સ્વરૂપમાંના તત્ત્વોને સંવાદમાં ગોઠવી તેમનું એક એકમ તૈયાર કરે છે. એક બીજાના મિત્ર તરીકે કેળવે છે. જ્યારે વરુણ તે એકમ દ્વારા વિશાળ-ચેતનાને ધારણ કરાવે છે.

આ ધારણ કરવાની પ્રક્રિયાને જ ઋષિઓ ઘીને, ઘૃતને, પ્રતીક તરીકે જણાવે છે. ઘીની સ્નિગ્ધતા પ્રેમનું પ્રતીક છે અને પોષકતત્ત્વનું પ્રતીક છે, સારતત્ત્વનું પ્રતીક છે. જ્યારે આપણી શારીરિક ચેતના અર્થાત્ 'ધીઃ' આ સોમનાં પ્રકાશને, આનંદને, સભાનતાને ધારણ કરે છે તેવી સ્થિતિને ઋષિ અહીં 'ધિયં ઘૃતાચિ' શબ્દ દ્વારા સૂચવે છે. વેદોમાં 'ધી' એટલે શારીરિક સભાનતા અને બુદ્ધિ એટલે માનસિક-સભાનતા એવા સૂક્ષ્મભેદ જણાય છે. જ્યારે આ બુદ્ધિ, માનસિક સભાનતા પ્રકાશને ધારણ કરે છે ત્યારે તેનું રૂપાંતર પ્રતિભામાં થાય છે. પ્રતિભાનો અર્થ છે બધી બાબતમાં સભાનતાની સ્થિતિ. આ રીતે ધી, બુદ્ધિ અને પ્રતિભા આ ત્રણે એક જ તત્ત્વનાં ઉત્ક્રાંત - સ્વરૂપો છે. મૂળતઃ આ શક્તિ છે તે પ્રજ્ઞાશક્તિ છે, જે પ્રભુની સભાનતા સ્વરૂપ શક્તિ છે. તે જ ધીમે-ધીમે આપણાં સ્વરૂપમાં પ્રગટ થતી, સક્રિય થતી આવા તબક્કાઓ રચે છે. પતંજલિની દૃષ્ટિએ આવા સાત તબક્કા છે, જેને પતંજલિ પ્રજ્ઞાશક્તિનાં સાત કાર્યક્ષેત્રો (પ્રાંતભૂમિઃ) તરીકે બીજા પાદમાં વર્ણવે છે. ધી, બુદ્ધિ, પ્રતિભા મેધા (ધર્મમેધા) મેધા (અશ્વમેધા) મેધા (નરમેધા) અને પ્રજ્ઞા. પ્રજ્ઞા ધરાવતો

(અનુ. પૃ.૩૦ ઉપર)

## શ્રી અરવિન્દ : પોતા વિષે
- શ્રી અરવિન્દ

# શ્રી અરવિન્દનો બાહ્ય અને આંતરિક સંબંધ

પ્રકરણ - ૪૨
(પૃ.૧૮૦-૧૮૬)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

એક શિષ્યને પ્રશ્ન નિર્માણ થયો કે ચૈત્યપુરુષને અગ્રભાગે લાવવામાં તેમને જો આટલી બધી મુશ્કેલીઓ પડે છે તો તો પછી શ્રી અરવિન્દનો પત્ર વાંચતા જ તે અનાયાસ અગ્રભાગે આવીને સંપર્ક સાધે એ કેવી રીતે શક્ય બને છે ! શ્રી અરવિન્દ જણાવે છે કે ચૈત્યપુરુષને જ્યાં ભક્તિ અને શુદ્ધ પ્રેમનો સ્પર્શ મળે ત્યાં તે પોતાની મેળે આગળ આવી તેવો સ્પર્શ મેળવવા ટેવાયેલો હોય છે. તેથી સાધકને જેમ પત્ર પાછળની ચેતના સાથે સંપર્ક કરવો અઘરો થતો હોય છે તે મુશ્કેલી તો આંતરિક મદદમાં જરા પણ રહેતી નથી.

એક શિષ્યે સૂચન કર્યું કે તમે અમારા માટે કોઈ ચૈતસિક શક્તિ મોકલો અથવા પત્ર મોકલો તે પહેલાં જો અમને જાણ કરશો તો અમે સાચો અભિગમ પહેલેથી તૈયાર કરી રાખશું અને તેથી અમને સમજણ વહેલી પડશે. શ્રી અરવિન્દે આ બાબત જણાવેલ કે ચૈત્યપુરુષ તમારાં આયોજનોનુસાર ચાલતો નથી. એ દિવ્ય આયોજન અનુસાર ચાલે છે અને તે પ્રેરણાથી તે જાણી જ લે છે. તેથી માનસિક આયોજન આ માટે ઉપયોગી નીવડતું નથી.

બાહ્ય મદદ અથવા માર્ગદર્શન ફક્ત તમારી આંતરિક પ્રક્રિયાને મદદ કરવાં માટે હોય છે. વધુમાં વધુ તે તમારી કોઈ ખોટી ગતિ કે રીતિ જેથી તમે અજાણ છો તે બાબત સભાન કરવામાં અને એ રીતે તેને નિર્મૂળ કરવામાં મદદરૂપ થાય છે. તે

સાચો માર્ગ દર્શાવે છે.

આંતરિક મદદ આથી તદ્દન જુદા જ પ્રકારની હોય છે. તે સીધે-સીધી તમારી ચેતનાને સ્પર્શે છે અને તેની દ્વારા મન, પ્રાણ, શરીર ઉપર કાર્ય કરવા માંડે છે. બાહ્ય મદદમાં આથી ઊંધી ક્રિયા બને છે - તમારું મન પ્રથમ સ્વીકારે છે. તે ભાવો નિર્માણ કરે છે. શરીર તે ભાવોથી રોમાંચ અનુભવે છે અને તે સાત્ત્વિક અવસ્થા ચેતનાને સ્પર્શે છે. ખરેખર તો આ આપણને સમજાતી ક્રિયા છે. ખરેખર તો મનને સમજાતા જ ચૈત્યપુરુષ ધીમે-ધીમે અગ્રભાગે આવતો હોય છે અને તેની આ ગતિના પરિણામે પ્રાણ અને શરીર પણ સભાન બની પ્રભાવ ઝીલવા માંડે છે.

શ્રી અરવિન્દનો સ્પર્શ તો દરેકને દરેક ક્ષણે હોય જ છે, પણ સાધકે તે બાહ્ય સાધનોથી અને આંતરિક સાધનોથી અનુભવતા શીખવું પડે છે. તે પછી તેને આવી મુશ્કેલી નહિ અનુભવાય. જેમ-જેમ આ ક્ષમતા યોગી વિકસાવતો જાય છે તેમ-તેમ તેને આંતરિક મદદનો માર્ગ વધારે ખૂલતો જાય છે અને તેને સાચી રીતે સમજે પણ છે.

બાહ્ય સંપર્ક ઘણી વખત શક્ય થતો નથી.

એક શિષ્યને શંકા આવી કે જે સાધન દ્વારા - ફૂલ, બ્લેસિંગ પેકેટ, અન્ય કોઈ વસ્તુ દ્વારા - જે કૃપા અને મદદ મોકલવામાં આવે છે તે વસ્તુ નાશ પામતાં જ, કરમાઈ જતાં જ તે કૃપા અને મદદ પણ પાછી ફરી જાય છે ? ખરેખર તેમ નથી. તે મદદનાં માધ્યમનો શિષ્ય સાથે સંપર્ક થતાં જ તે બળ કે મદદ શિષ્યનાં ઑરામાં પ્રવેશી જાય છે અને યોગ્ય આંતિરક સ્થિતિ સર્જાતાં જ તેની ચેતનાને જઈ સ્પર્શે છે. આ ભૌતિક સાધનો પ્રાસંગિક-પ્રગટીકરણ કરનારાં જ હોય છે. તેની ધારણ ક્ષમતાનુસાર તેનો કાલાવધિ હોય છે. ફૂલ કરમાતાં જ તેની દ્વારા પ્રગટ થતી ચેતના પણ અંતર્ધ્યાન પામે છે. આ સાધનો વાહક હોય છે. પ્રાસંગિક ધારક બને છે. તે જે વસ્તુ ધારણ કરે છે તે તો સનાતન વસ્તુઓ હોય છે. તે નાશ પામતી જ નથી.

શિક્ષકની જેમ ટીકા કરીને શિષ્યને સુધારવાની પદ્ધતિ શ્રી અરવિન્દની

નહોતી. જો શિષ્ય પોતાની રીતે પોતાની નબળાઈ વર્ણવે તો તેની ઉપર વિજય કેમ મેળવવો તેનું તેને માર્ગદર્શન જરૂર આપતા અને તેને આંતરિક મદદ પણ મોકલતા.

શ્રી અરવિન્દ તરફ અથવા કોઈનાં પણ તરફ કટુતાની કે ક્રોધની કે પોતાની દુઃખાતિરેકની ભાવનાં જન્મતાં જ વ્યક્તિ પોતાને પોતાની ચેતનામાં જ બંધ કરી લે છે અને બાહ્ય મદદનાં દરવાજા બંધ કરી રાખે છે. તેથી આવા પ્રસંગે આંતરિક મદદ તાત્કાલિક કરવી પણ અશક્ય બની જાય છે.

શ્રી અરવિન્દ અમૂક વ્યક્તિઓ તરફ પક્ષપાત રાખે છે. અમૂકને અળગા રાખે છે, આવા વિચારો અદિવ્ય-શક્તિઓનાં ખેલ હોય છે. આ તેમનાં માટે શ્રી અરવિન્દની મદદ બંધ કરાવવાનો ટૂંકામાં ટૂંકો રસ્તો છે અને તેમને માટે તે ખૂબ ખાતરીલાયક રસ્તો છે.

---

(અનુ. પૃ.૨૭ ઉપરથી)

## વેદ-રહસ્ય

પુરુષ એ જ 'પ્રાજ્ઞ' કહેવાય છે. તે જ આપણાં કારણશરીરરૂપી દિવ્યપ્રકૃત્તિથી બનેલાં શરીરનું સંચાલન કરે છે. તેમાં જ્યારે આપણી વ્યક્તિ-ચેતના સ્થિર થાય છે, ત્યારે તેને 'સ્થિત-પ્રજ્ઞ' તરીકે ગીતા ઓળખે છે. પ્રજ્ઞાશક્તિ એ જ આપણને બલ આપે છે, પોષણ આપે છે, તેથી તેને વેદો પ્રતીકાત્મક ભાષામાં 'ધૃત' કહે છે. ધૃત એટલે ઘી. 'ઘી' શબ્દ ધા અર્થાત્ ધારણ કરવું એ શબ્દ ઉપરથી આવ્યો છે. જ્યારે આવી ધી પ્રજ્ઞાશક્તિથી આલોકિત થાય છે ત્યારે વેદો તેને 'નિષ્કૃતં-ધિયા' પરિશુદ્ધ ધીઃ કહે છે. વિકસિત, શુદ્ધ થયેલી, 'ધી' કહે છે. આને જ પ્રતીકાત્મક ભાષામાં 'ધૃતાચિ' જ્ઞાનશક્તિ રૂપી ધૃત (ઘી)થી તરબોળ એવી ધિઃ કહે છે. ધૃત શબ્દ ધૃ અર્થાત્ પ્રકાશમય એ ધાતુ ઉપરથી આવેલો છે. પ્રજ્ઞાશક્તિ જ્યારે માનસિક બુદ્ધિમાં ધીમે-ધીમે થોડીઘણી પ્રગટ થાય છે, ત્યારે તેને 'મનીષા' કહે છે. મનીષાનો જ સમાનાર્થી શબ્દ 'પ્રતિભા' છે. માનવને મનુ એટલાં માટે કહે છે કે તેમાં ધી, મનીષા સુધી વિકાસ પામેલી હોય છે. વ્યવહારુ બુદ્ધિને બુદ્ધિ કહે છે, જ્યારે ચિંતનાત્મક બુદ્ધિને મનીષા, પ્રતિભા કહે છે.

# સક્રિય અને નિષ્ક્રિય બ્રહ્મ

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)
પ્રકરણ - ૫૨

સમજૂતી – કમલેશ માંડવિયા

- ...... સચેતન થવાનું કારણ એ છે કે આપણું ઊંચામાં ઊંચું અધ્યાત્મિક સ્વ-રૂપ આપણી બહારની દેખીતી વ્યક્તિતા તથા શારીરિક જીવનની પાછળ હોય છે. પૃ.૪૮-૪૯
- ..... પરંતુ ઊંચામાં ઊંચું દિવ્ય સત્ય..... એ બંનેથી પેલે પાર (પણ) આવી રહેલું છે. પૃ.૪૯
- ..... આંતર ચેતનામાં જે કેન્દ્રો છે તેમાં ઊંચામાં ઊંચું કેન્દ્ર મસ્તકમાં રહેલું છે અને ઊંડામાં ઊંડું કેન્દ્ર હૃદયમાં રહેલું છે.
- ..... આત્મા પ્રત્યે સીધેસીધું ખૂલનાર ચેતનાનું દ્વાર મસ્તકની ઉપર..... આપના સૂક્ષ્મ શરીરમાં રહેલું છે. પૃ.૪૯
- .... આત્માની બે બાજુઓ છે..... એક બાજુ સ્થિર, અક્રિય છે અને વિશાલ શાંતિ, મુક્તિ અને નીરવતા ભરી અવસ્થા એ તેનાં લક્ષણ છે. પૃ.૪૯
- ..... આ નીરવ બ્રહ્મ..... કર્મ કે અનુભૂતિ પ્રત્યે અનાસક્ત રહે છે..... પોતે સર્વ કર્મોને તથા અનુભવોને પોતાનો આધાર આપે છે..... પરંતુ આરંભ કરતો નથી..... પૃ.૪૯
- ..... બીજું પાસું સક્રિય છે..... અને તેનો સાક્ષાત્કાર વિશ્વાત્મા તરીકે થાય

**છે..... (તે) વિશ્વ સમસ્તની સર્વે પ્રવૃત્તિઓને ટેકો આપે છે એટલું જ નહિ..... એ સર્વે પ્રવૃત્તિઓને પોતાની અંદર ધારણ પણ કરે છે. પૃ.૪૯**

- **..... આ વિશ્વપુરુષ..... આ જગત તેમ જ બીજી સર્વે સૃષ્ટિઓને, સ્થૂળ તેમ જ સ્થૂળથી પર એવી ચેતનાની ભૂમિકાઓને પણ ધારણ કરતો હોય છે.**

*****

કેન્દ્રોના ખૂલવાથી જે વૈશ્વિક ચેતનાનો ઉઘાડ આવે છે અને તે દ્વારા વૈશ્વિક-પુરુષ (વિશ્વાત્મા)નો સાક્ષાત્કાર અને તેનાં સક્રિય અને નિષ્ક્રિય પાસાંના અનુભવની સમજ શ્રી અરવિન્દ આપી રહ્યાં છે.

વ્યક્તિગત ચેતનામાંથી મુક્ત થવાં અને તેથી પણ પર થવાં માટે માનવમાં મુખ્યત્વે બે કેન્દ્રો છે એક મસ્તકની પર જે સૂક્ષ્મ શરીરમાં રહેલું છે જેને સહસ્રાર ચક્ર કહેવામાં આવે છે અને બીજું જે હૃદયમાં ઊંડે-ઊંડે છે જેને અનાહત ચક્ર કહેવામાં આવે છે. આ બંને કેન્દ્રોનાં ઉઘાડથી સાધક અનુભવે છે કે તે એક પ્રકારની વિશાળતા અને મુક્તિમાં પ્રવેશતો હોય છે, જે દિવ્ય-સત્ય અને દિવ્ય ચેતનાને આભારી હોય છે. આ દિવ્ય-સત્ય જે સ્થૂળ શારીરિકની પાછળ તેમજ ઊર્ધ્વમાં પણ રહેલું છે અને તેની પર પણ છે.

અ સત્ય ચેતનાનાં પણ બે પાસાંઓ છે. એક નિષ્ક્રિય અને એક સક્રિય.

નિષ્ક્રિય પાસાંને નીરવ-બ્રહ્મ પણ કહેવામાં આવે છે. આ સત્ય-ચેતના જ્યારે સર્વે પ્રવૃત્તિઓ અને કાર્યનો તટસ્થ અને અનાસક્ત બનીને ફક્ત એક આધાર આપે છે ત્યારે તે પાસાંને નિષ્ક્રિય પાસું કહેવામાં આવે છે. આ નિષ્ક્રિયતામાં એક પ્રકારની મુક્તિ, વિશાલ શાંતિ અને નીરવતા હોય છે. જાણે જગત એક આભાસ લાગે છે. આ પ્રકારના સાક્ષાત્કારથી 'જગત મિથ્યા'. બ્રહ્મ સત્યની અનુભૂતિ આવે છે અને તેમાં જો સાધક સરી પડે તો તે

એક નિજાનંદમાં એકલો જ મગ્ન રહે છે અને જગત એક બોજારૂપ અને મિથ્યા (Illussion) અનુભવે છે. આ એકાંગી સાક્ષાત્કાર હોય છે. સાવિત્રી મહાકાવ્યમાં શ્રી અરવિન્દ ચેતવે છે કે :

O soul, it is too early to rejoicel ! (Savitri, Page: 310)

પૂર્ણયોગના સાધકે આ પાસાંની પેલેપાર જવાનું છે. એટલે કે સક્રિય પાસાંનો પણ સાક્ષાત્કાર કરવાનો છે. જ્યારે આ સક્રિય પાસું પ્રગટ થવા માંડે છે ત્યારે સાધક અનુભવે છે કે સત્ય-ચેતના જ વિશ્વાત્મા તરીકે કાર્યરત છે. આ વિશ્વાત્મા બધાંનો આધારરૂપ છે અને પોતાની અંદર બધાંને ધારણ કરનાર પણ છે. તે સ્થૂળ તેમ જ સૂક્ષ્મની સર્વે ભૂમિકાઓને ધારણ કરતો હોય છે અને તેના આધારરૂપ પણ હોય છે. આ પાસાંનાં સાક્ષાત્કારથી સાધકને 'જગત મિથ્યા' નથી લાગતું પરંતુ પોતાનાં પ્રભુએ જ ધારણ કરેલું એક સ્વરૂપ લાગે છે. જગતની અંદર-બહાર, સ્વરૂપ-અરૂપ, સગુણ-નિર્ગુણ, સક્રિય-નિષ્ક્રય એ પ્રકારના બધાં જ દ્વંદો સમી જાય છે. આ અનુભૂતિમાં 'વાસુદેવ સર્વમિતિ' પ્રકારની હોય છે.

જ્યારે યમરાજ સાવિત્રીને કહે છે કે :

The world is a myth that happened to come true..... (Savitri, Page : 645)

સાવિત્રી તેનો જવાબ આપે છે :

I have discovered that the world was He

I have met Spirit with spirit, Self with self,

But I have loved too the body of my God. (Savitri. Page - 649)

જગતનો દિવ્ય-સત્ય તરીકે સ્વીકાર પૂર્ણ-યોગનું એક મહત્ત્વનું અંગ છે.

## પ્રકરણ - ૫૦

# અવતરણની વૈશ્વિક-તૈયારીઓ અને તેનાં પરિણામ

(૧૫-૮-૨૫) (પૃ.૨૩૮-૨૪૧)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગત અંકથી ચાલુ)

શિષ્ય : તે કેવી રીતે થાય છે ?

શ્રી અરવિન્દ : સમજાવવું મુશ્કેલ છે.

શિષ્ય : પણ વિચાર વગર કેવી રીતે નિષ્કર્ષ નીકળે ?

શ્રી અરવિન્દ : વિચાર એટલે એક મુદ્દા ઉપરથી બીજા ઉપર એમ ગતિ કરવી. બન્ને વચ્ચે કોઈ કાર્યકારણનો સંબંધ શોધવો. આમ તમારે વિચારોની શૃંખલા કરવી પડે છે. બરાબર છે ?

શિષ્ય : હા.

શ્રી અરવિન્દ : તેમાં હજારો વિચારોને એકી વખતે સમગ્રતાથી સમજીને તરત નિષ્કર્ષ નિકળી જાય છે. તે ખૂબ જ વેગથી કાર્ય કરતું જાણે આંતરદર્શન છે.

શિષ્ય : બીજી કોઈ રીતે સમજાવશો ?

શ્રી અરવિન્દ : તેમાં વિશ્રાંતિની હળવાશ પણ હોય છે અને સાથે-સાથે ગંભીર ચિંતન પણ. શું તમે કલ્પના કરી શકો છો આવી ઘટનાની ?

શિષ્ય : બધી જ માનસિક ક્ષમતાઓ અતિમનસમાં પણ તેની પોતની રીતે હોય છે શું એ સાચું છે ?

શ્રી અરવિન્દ : 'આર્ય'માં મેં આ બાબતમાં લખેલું ત્યારે હું અતિમનસનાં સીમાડે હતો. પણ દરેકે તેવી સ્થિતિમાંથી પસાર થવું પડે છે જ. એટલું જ

કહીશ કે આપણી માનસિક તર્ક બુદ્ધિ સાથે સુસંગત એવી દિવ્ય તર્કબુદ્ધિ અતિમનસમાં પણ છે. આ માનસિક ભાષામાં સમજાવવાનો મારો પ્રયત્ન માત્ર છે. ત્યાં તો બધી ક્ષમતાઓ અલગ અલગ નથી પણ એકરૂપ થઈ ગઈ છે. મનોમય ક્ષેત્રમાં જ તે વિભાજીત થયેલી દેખાય છે. દા.ત. માનસિક લેવલે તર્કશક્તિ બે વચ્ચેનો સંબંધ જ ફક્ત જાણે છે. તેમાં ફેરફાર કરતી નથી. જ્યારે દિવ્યતર્ક શક્તિ તે સંબંધ જાણીને તેમા વિસંવાદ જણાય તો તેમાં યોગ્ય ફેરફાર સુધારો પણ કરે છે. દા.ત. વિરોધી વસ્તુઓમાં સમન્વય, મૌનમાં પૂર્ણ અભિવ્યક્તિ કરવાની કલા વિગેરે.

શિષ્ય : અતિમનસ અવતરણ પામશે ત્યારે શું તે પોતાની ભાષા વિકસાવશે ?

શ્રી અરવિન્દ : ના, તેને ભાષાની જરૂર નથી. તે સંકલ્પમાત્રથી બીજાનાં મનની વાત જાણશે અને તેને જવાબ પણ આપશે. તે 'ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનમ્' જેવી ઘટના બની રહેશે.

શિષ્ય : ભૌતિક ભૂમિકા ઉપર અતિમનસનાં વિજય બાદ જેમને યોગમાં હજી ગતિ નથી તેવાં કિસ્સામાં વિરોધી બળો વિજયી બનશે કે પરાભૂત થશે ?

શ્રી અરવિન્દ : ભૌતિક કક્ષાએ અતિમનસનો વૈશ્વિક વિજય થવો જરૂરી છે. વૈશ્વિક વિજય એટલે જેમ આપણને મનસ્તત્વ જન્મથી મળેલ છે તેમ બાળકોને જન્મથી અતિમનસ ક્ષમતા મળશે. તે ઉત્ક્રાંતિમાંનો વારસાગત ભાગ બની રહેવો જોઈએ. ત્યાં સુધી બધાંને જ ફાયદો નહીં મળે અથવા બહુ જ ઓછો અને અપ્રત્યક્ષ મળશે.

શિષ્ય : વૈશ્વિક પરિસ્થિતિ અતિમનસનાં અવતરણ માટે તૈયાર થઈ ગઈ છે ? અને કઈ રીતે તૈયાર થઈ છે ?

શ્રી અરવિન્દ : વૈશ્વિક પરિસ્થિતિ તૈયાર થઈ ગઈ છે. તેનું કારણ ભૌતિક

જગતનાં જ્ઞાને પોતાની મર્યાદાઓ જ ભાંગી નાંખી છે. બીજું, બાહ્ય અને આંતર સ્વરૂપો વચ્ચેનો પડદો ભાંગી રહ્યો છે. લોકો ચૈતસિક શક્તિઓ પ્રત્યે વધારે જાગૃત્ત થઈ રહ્યાં છે. ત્રીજું, જ્યારે જ્યારે સત્ય ભૌતિક ક્ષેત્રે ઘસારો કરે છે, ત્યારે-ત્યારે પ્રાણમય લોકનાં વિરોધી બળો ઊભરાઈને બહાર આવે છે. દા.ત. ધરતીકંપ, રોગચાળો, ખૂનખરાબા, અકસ્માત, ગાંડપણનાં દાખલા વધી જાય છે. ચોથું, વૈજ્ઞાનિક શોધોને લીધે જગત એકરૂપ બનતું જાય છે. આવી એકરૂપતા સત્યનાં અવતરણ માટે જરૂરી છે. પાંચમું, લોકો ઉપર પ્રભાવ પાડનારાં પ્રભાવી નેતા નિર્માણ થયાં છે. આ બધાં કારણોને લીધે વૈશ્વિક તૈયારી થઈ ગઈ છે. એમ હું કહું છું.

શિષ્ય : જગતમાં કામ કરતાં બળોનાં જ્ઞાનને આપ યોગનો અપરિહાર્ય ભાગ ગણો છો?

શ્રી અરવિન્દ : હા, યોગીએ જગતનાં બળો સાથે કામ લેવાનું હોય જ છે, કારણ તેઓ આપણાં ઉપર અસર કરે છે. તેમાં પણ વિરોધી બળો તો ખાસ જ, વ્યક્તિગત સાધના ઉપર પણ આ બળોની અસર થતી જ હોય છે.

ખરેખર તો અંતિમ નિર્ણય તો ઊર્ધ્વમાં લેવાયેલો હોય છે. પણ તેની જાણ નીચેના ક્ષેત્રોને કરેલી હોતી નથી. તેથી દરેક કક્ષાએ બળો પોતે સ્વતંત્ર છે. એમ જ વર્તે છે. નિર્ણાયક ક્ષણે જ ઘટનાઓને વળાંક આપી પૂર્વનિશ્ચિત નિર્ણયાનુસાર અંતિમ પરીણામ લાવવામાં આવે છે.

શિષ્ય : આ યોગમાં અમારું શું સ્થાન છે? અર્થાત્ અમારી સાધક તરીકેન જવાબદારીઓ શું છે?

શ્રી અરવિન્દ : એકાગ્ર અભીપ્સા કરો કે આ યોગ સફળ થાય. યોગમાં જરૂરી મદદ આપો. અવરોધરૂપ તત્ત્વોનો ઈન્કાર કરો. આ યોગ માટે શંકા ન સેવો.

# ગૌણ દેવતાઓ

પ્રકરણ - ૧૬

**૩૨ વસુગણ:**

વસુગણ આઠ છે અષ્ટૌ દેવા વસવઃ સૌમ્યાસઃ (તૈત્તિ.બ્રા.૩-૧-૨-૬) તેમજ ૩૩૩ પણ છે. તેન ત્રીણિ ચ શતાન્યસૃજંત ત્રયસ્ત્રિંશતં ચ (તૈત્તિ. સં.૫-૨-૨-૬) વસુનાં બે અર્થ છે (૧) વસુ એટલે ધનસંપત્તિ. વસુનાં અન્ન સાધનેન ગવાદિ ધનેન (નિ. પં. ૧૯) (૨) આચ્છાદિત કરી નાખનાર આચ્છાદયંતિ તસ્માદ્વસવઃ ઉચ્યંતે (નિ. ૧૨-૪૧) ત્રીજો અર્થ પણ છે વસ્તુમાત્રમાં વસતી ચેતના તે વસુ. પ્રકૃત્તિનાં આઠ પ્રકાર છે તેથી વસુ પણ આઠ આ સંગતિ બંધ-બેસતી છે. વસુ, આદિત્ય અને રૂદ્ર આ ત્રણ દેવો ગણાવેલ છે. તે પૈકી કારણ શરીરમાં રહેનાર આદિત્ય, સૂક્ષ્મ શરીરમાં રહેનાર રૂદ્ર અને સ્થૂળ શરીરમાં રહેનાર વસુ. વસુ બધાં જ દેવો સાથે સંબંધ રાખી વિકસે છે (તૈત્તિ સં ૬-૨-૨૧) તે મનુષ્યની જંભ (દંભ) તમસ (જડતા) અને પ્રમયુ (અહંકાર)થી માણસને બચાવે છે. તેઓ હવિષ અને મધુ મેળવવાથી પ્રસન્ન થાય છે યજ્ઞભાવના કરવી તેને હવિષ કહે છે દિવ્ય આનંદને મધુ કહે છે.

**૩૩ વિરાટ:**

વિરાટ એટલે વૈશ્વિક સ્વરૂપ. તેનાં ત્રણ સ્તર છે. વૈશ્વિક કારણ શરીર (ઈશ્વર) વૈશ્વિક માનસિક શરીર (હિરણ્યગર્ભ) વૈશ્વિક ભૌતિક શરીર (વિરાટ) વ્યક્તિ સ્વરૂપો તેનાં અંશ છે. તેથી જ વિશ્વસ્વરૂપને સહસ્ત્રબાહુઃ સહસ્ત્રાક્ષઃ સહસ્ત્રપાત્ હજારો હાથ પગ આંખવાળા કહ્યાં છે. પુરુષ સૂક્તમાં તેનું વર્ણન જોવા મળે છે. તે સમષ્ટિ ચેતનાનું સ્વરૂપ છે. સામૂહિક-ચેતનાનું સ્વરૂપ છે.

### ૩૪ વિશ્વદેવ:

વિશ્વદેવો ગણ-દેવતા છે. તેમની સંખ્યા ૩ થી ૩૩ સુધી ગણાવેલ છે. ખરેખર તે અનંત વિશ્વદેવો છે અનંતા વિશ્વદેવા (શત.બ્રા.૧૪-૬-૧-૧૧) તેમાં બધાં જ દેવગણોનો સમાવેશ થઈ જાય છે વિશ્વદેવો બધાં દેવોમાં વધારે પ્રસિદ્ધ છે વિશ્વદેવા દેવાનાં યશસ્વિતમાઃ (શત. બ્રા. ૧૩-૧-૨-૮) તેમની પાસેથી કલ્યાણ અને રક્ષણની યાચના કરવામાં આવે છે વિશ્વદેવોને ‘સર્વદેવ’ પણ કહ્યાં છે (અથર્વ ૧૯-૧૨)

વૈશ્વદેવીઓ બધાં જ વિશ્વદેવોની શક્તિ સ્વરૂપ છે તેમને છ પૃથ્વીનો વિસ્તાર કરવાની પ્રાર્થના કરેલ છે. છ પૃથ્વી (ઉર્વી) એટલે પૃથ્વી, આકાશ, જળ, ઔષધિ, દિવસ, રાત, જે દિવ્યશરીર, નિર્લેપચેતના, નિરાકારચેતના, દિવ્યગુણો, ચેતનાનો જાગૃતિકાળ અને પાચનકાળનાં પ્રતીકો છે.

### ૩૫ શકધૂમ ઘૂંઘવાયેલી ચેતના:

શકધૂમનો અર્થ છાણાનો ધૂમાડો. શકધૂમને નક્ષત્રોનો રાજા કહ્યો છે, આને કારણે ‘શકધૂમ’ના બે અર્થ લેવાય છે. ‘તે નક્ષત્ર રાજ શકધૂમ સદા નમઃ’ (અર્થવ ૬-૧૨૮-૨) સાયણાચાર્ય શકધૂમનો અર્થ અગ્નિ લે છે. તે અવિનાશી (નક્ષત્ર) ચેતના પાસે લઈ જાય છે. શકધૂમઃ અગ્નિઃ (અર્થવ સા.ભા. ૬-૧૨૮-૧) પ્રો બ્લૂમફીલ્ડ ચંદ્રને શકધૂમ કહે છે. કારણ ચંદ્ર ઉપર ડાઘ છે અને તે નક્ષત્રોનો રાજા પણ છે. શકધૂમ પાસેથી આપણે સારા દિવસની અપેક્ષા રખાય છે (ભદ્રાહઃ)

પ્રાતઃકાળે કરાતા છાણાનો ધૂમાડો આખો દિવસ સારો જવાનું નિમિત્ત બને એ ઋષિની ભાવના છે..... ઘૂંઘવાએલો અગ્નિ જ પ્રગટ થનારા અગ્નિનો સંકેત આપે છે. ઘૂંઘવાએલી ચેતના જ આધ્યાત્મિક જાગૃતિ લાવે છે.

### ૩૬ શ્યેન:

શ્યેનપક્ષી એટલે બાજ અથવા ગરુડ. તે સૂર્યનું નામ છે કારણ સૂર્યની ગતિ શ્યેન પક્ષી જેવી પ્રશંસાને પાત્ર છે શ્યેનઃ શંસનીય ગતિઃ સૂર્યઃ (અર્થવ સા.ભા.૭-૪૨-૧) શ્યેન દૃષ્ટા છે આકાશમાં ગતિ કરે છે શક્તિનાં ધારક છે. આ

લક્ષણો સૂર્યને પણ લાગુ પડે છે. યજ્ઞવેદીનો એક આકાર (શ્યેનચિતવેદી) શ્યેન પક્ષ જેવો છે, જેમાં અગ્નિ રહે છે તેથી અગ્નિને પણ શ્યેન કહે છે અથર્વ વેદમાંનો અગ્નિનો મંત્ર આનો આધાર છે શ્યેનોડસિ ગાયત્રચ્છંદા અનુ ત્વા રભે..... (અર્થવ અયં તે શ્યેન ઉશસે જભાર (ઋ ૩-૪૩-૭) ઇન્દ્ર સોમરસ પીવા માટે સોમરસ ઉપર શ્યેનપક્ષી જેવો જ તૂટી પડે છે.

**૩૭ સપ્તર્ષિ ગણ:**

ભારદ્વાજ, કશ્યપ, ગૌતમ, અત્રિ, વિશ્વામિત્ર, જમદગ્નિ તથા વશિષ્ટ આ સાત ઋષિઓનો સમાવેશ થાય છે. (સપ્તર્ષિણામ વિશ્વામિત્રો જમદગ્નિભરદ્વાજોથ ગૌતમઃ । અત્રિર્વસિષ્ઠ કશ્યપઃ) અથર્વ સા.ભા.માંનું આશ્વલાયન પરિશિષ્ઠ-૧ ૫-૧૧ મુજબ પ્રાણ જ સપ્તર્ષિ છે. પ્રાણા વૈ વિશ્વદેવાઃ સપ્ત ઋષયઃ (મૈત્ર. સં.૧-૫-૧૧)

**૩૮ સપ્તસિંધુ:**

(ઋ ૧-૩૨-૧૦૨) અપાન્પાત સિંધવઃ સપ્ત પાતન્..... અર્થવ ૬-૩-૧) સપ્તસિંધુ એટલે સાત મહાનદીઓ આમની ગણતરી ત્રણ સમૂહમાં કરેલી છે (૧) વેદોમાં ગંગા, યમુના, સરસ્વતી, શતદ્રુ (સતલજ) પરુષ્ણિ, મરુત્વૃદ્ધા અને આર્જીકીયા (વિપાશા) (૨) મહાભારતમાં ગંગા,યમુના, પ્લક્ષગા, રથસ્થા, સરયૂ, ગોમતી, ગંડકી (વસ્વોકસારા) રામાયણમાં નલિની, હવાદિની, પાવની, ચક્ષુ, સીતા, સિંધુ, ભાગીરથી.

દિવ્યશક્તિનાં જે સાત ઘસમસતા પ્રવાહો યોગચક્રોમાં પ્રવેશે છે તે જ સપ્તસિંધુ છે.

**૩૯ આકૂતિ:**

આકૂતિ એટલે અભિપ્રાય. આકૂતિમ્ તાત્પર્યરૂપામ્। લૌકિકવૈદિક સર્વ વાક્ય પ્રતિપાદ્યામ્..... (અર્થવ સા.ભા.૧૭-૪-૨) બૃહસ્પતિને અમને વાક્ દ્વારા સાચો અભિપ્રાય જણાવવાની ક્ષમતા આપવાની વિનંતિ કરવામાં આવી છે આકૂત્યા નો બૃહસ્પત આકૂત્યા ન ઉપાગહિ । અથો..... સુહવો ભવ (અર્થવ-

૧૯-૪-૩) આકૃતિ વાગ્દેવતાનું એક સ્વરૂપ ગણાવેલ છે.

**૪૦ ત્રિષંધિ:**

ત્રિષંધિ એટલે વજ્ર. ઈન્દ્ર આ વ્રજ દ્વારા જ વૃત્રાસુરનો નાશ કરે છે સાયણનાં મતાનુસાર ત્રિષંધિ એટલે દૂધ, દહીં, મધનું સંયુક્ત મિશ્રણ તે ત્રણેનું મિશ્રણ છે તેથી ત્રિસંધિ, ત્રણ વસ્તુઓનો સાંધો કહેવાય છે. દિવ્યઆનંદનું પ્રતીક ઘી છે. માનસિક આનંદનું સ્વરૂપ મધ છે અને શારીરિક આનંદનું સ્વરૂપ દૂધ છે. આ ત્રણે મળી જાય તો સાધનામાં વ્યક્તિ દૃઢ થઈ આગળ વધે અને અચિત્‌રૂપી વૃત્રાસુરનો વધ કરી શકે.

**૪૧ ગ્રામદેવતા, સ્થાનદેવતા, વાસ્તુપુરુષ:**

ચેતના વ્યક્તિગત કક્ષાએ અને સામૂહિક કક્ષાએ પ્રગટ થાય છે. તેમજ સામૂહિક કક્ષા એ વિવિધ એકમો તૈયાર કરે છે. દા.ત. વ્યક્તિની પોતાની એક એકમ તરીકેની ચેતના જુદી હોય છે. પણ શેરીમાં રહેતા વિવિધ કુટુંબિઓ મળીને જે સામૂહિક ચેતના બને છે તેને સ્થાનદેવતા કહે છે. તેમજ સમગ્ર ગામની સામુહિક ચેતનાને ગ્રામદેવતા કહે છે અને સમગ્ર રાષ્ટ્રની સામૂહિક-ચેતનાને રાષ્ટ્ર દેવતા કહે છે. આગળ જઈને સમગ્ર પૃથ્વીવાસીઓની સામૂહિક ચેતનાને પૃથ્વીદેવતા કહે છે.

આ બધાં વ્યક્તિ ચેતનામાંથી વૈશ્વિક ચેતનામાં પ્રવેશવાના એકથી એક વિશાળ સામૂહિક - ચેતનાનાં તબક્કા હોય છે.

આ દેવતાઓની સાથે સંવાદમાં રહેવાથી માણસ સુખી થઈ શકે છે. તેથી દરેક ધર્મકાર્યમાં શરૂઆતમાં જ આમને વંદન કરી પૂજા કરવામાં આવે છે.

વાસ્તુદેવતા અથવા વાસ્તુપુરષ એટલે મકાનની પોતાની ચેતના. આ તેમાં રહેતા કુટુંબની, વ્યક્તિઓની સામૂહિક - ચેતના છે. તેનાં પણ પોતાનાં આંદોલનો માણસને પ્રભાવિત કરે છે.

આ બધાં ગૌણ - દેવતાઓ ગણાય છે.

# ધી મધર્સ એજન્ડા

(મૂળ પુસ્તક : Mind of cells - by Satprem તેના પર આધારિત) **પરમસિદ્ધિનો પંથ**

- માનસિંહ ચાવડા

# વૈશ્વિક-પાર્થિવ તત્ત્વ

પ્રકરણ - ૧૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

There all is ONE, there is a single assuming all sorts of forms..... It's SINGLE substance of extra ordinary flexibility which adapts to every movement and to everything that happens, without separation. 1966-145;

જગતનું આ મૂળભૂત દ્રવ્ય છે. જેને વેદો 'બ્રહ્મ' કહે છે કારણ કે તે સર્વવ્યાપી છે અને તે સર્જનશક્તિથી યુક્ત છે. તે જ જગતમાં વિવિધ વ્યક્તિ, વસ્તુરૂપે સાકાર થાય છે. તેને પોતાનો કોઈ આકાર નથી. તે પાણી જેનું નિરાકાર છે. પાણીને પોતાનો કાયમી કોઈ આકાર નથી તે નમનીય છે. પછી જે પાત્રમાં નાખીએ તેવો આકાર ધારણ કરે છે. અહિં આ તત્ત્વ સિવાય બીજું કોઈ તત્ત્વ જ ન હોવાથી તે પોતે જ પોતાનાં સંકલ્પોથી આકાર ધારણ કરે છે. અને તે આકારને પોતાનાં જ સંકલ્પથી વિલીન કરે છે. જગતમાંની વસ્તુઓ આ તત્ત્વની લહેરીઓ માત્ર છે. તેનાં આંદોલનોએ લીધેલું રૂપ એટલે વસ્તુ કે વ્યક્તિ બની જાય છે.

આ સર્વવ્યાપી તત્ત્વ જ પાર્થિવ પદાર્થ છે. જીવંત અને સંકલ્પમાત્રથી આંદોલનો નિર્માણ કરતો પાર્થિવ પદાર્થ. આમાં પાર્થિવ પુરુષ જ પોતાને જોતો દેખાય છે. અનુભવતો હોય છે. આ તેની 'લીલા' ભાસે છે.

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

## વિભાગ - ૨

પ્રકરણ - ૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

### (૧૦) પ્રાણશોષી લેનારાઓનો એકબીજા ઉપર પરીણામ

સાધક : 'જે' એ મને પ્રાણનું શોષણ કરનારાઓ બાબતનો તમારો પત્ર દર્શાવ્યો. તેમાં ત્રણ પ્રકારનાં લોકો તમે જણાવેલાં છે (અ) નબળી પ્રાણશક્તિ ધરાવતા લોકો (બ) પ્રબળ અહંકાર ધરાવતા લોકો (ક) તીવ્ર કામવાસના ધરાવતા લોકો. મને પ્રશ્ન થયો કે આ ત્રણ પ્રકારનાં લોકો એક બીજાને મળે તો શું થશે. તે બાબત મેં ત્રણ શક્યતાઓ જોઈ છે.

(૧) જો નબળી પ્રાણશક્તિ ધરાવતી વ્યક્તિ (અ) પ્રબળ અહંકાર ધરાવતી વ્યક્તિને મળે તો નબળી પ્રાણશક્તિ ધરાવતી વ્યક્તિને પ્રબળ અહંકાર ધરાવતી વ્યક્તિ બાબત ધૃણા નિર્માણ થશે અથવા પોતાની મહત્તા અને મોટાઈ બતાડવા તે નાઈલાજે પ્રબળ અહંકાર ધરાવતી વ્યક્તિને પ્રાણ શોષી લેવાની સંમતિ આપશે.

(૨) જો નબળી પ્રાણશક્તિ ધરાવતી વ્યક્તિ (અ) તીવ્ર કામવાસના ધરાવતી વ્યક્તિને (ક) મળશે તો નબળી પ્રાણશક્તિ ધરાવતી વ્યક્તિને ખૂબ જ હાનિ થશે અને તે તેની ધૃણા કરશે અથવા તીવ્ર કામવાસનાં ધરાવતી વ્યક્તિ (ક) તેની ઉપર નભતી બગાં જેવી બની રહેશે.

(૩) સાધક : જો બે નબળી પ્રાણશક્તિ ધરાવતી વ્યક્તિ આપસમાં મળશે તો

તો તેઓ એકબીજાને પોષણ ન મળવાથી એકબીજાની ઘૃણા કરશે અથવા વિવેકથી બન્ને તટસ્થ બની રહેશે.

શ્રી અરવિન્દ : પ્રથમ બે પ્રકારોના પ્રત્યાઘાતો તમે બરાબર કહ્યાં પણ ત્રીજામાં તેઓએ પોષણ ન મળવાથી એકબીજાને ટાળવાની વૃત્તિ દેખાવાની વધારે શક્યતા છે.

(૪) સાધક : જો પ્રબળ અહંકાર ધરાવતી બે વ્યક્તિ મળશે તો (બ + બ), તેઓ એકબીજાની ઘૃણા કરશે અથવા ઝગડશે.

શ્રી અરવિન્દ : આવા પતિ-પત્ની હોય તો રોજે-રોજ ઝગડા કરશે. ઝગડા કરવામાં થાકશે નહિ.

(૫) સાધક : જો પ્રબળ અહંકાર ધરાવતી વ્યક્તિ (બ) તીવ્ર કામેચ્છા ધરાવતી વ્યક્તિને મળશે તો, પોતાની મહત્તાનું ઢોંગ કરતાં-કરતાં એક બીજાનાં શરણે જશે અને પોતાને નુકશાન પહોંચાડશે અથવા બન્ને તડજોડ કરીને પ્રાસંગિક શારીરિક કામવાસના સંતોષશે. અથવા એકબીજા પ્રત્યે કામવાસનાનું જોરદાર આકર્ષણ થઈ એકબીજાને કાયમી સ્વરૂપે સ્વીકારી લેશે.

(૬) જો તીવ્ર કામવાસનાવાળી બે વ્યક્તિ એક બીજાને મળશે (ક + ક) અને શારીરિક વ્યંગતા કોઈમાં ન હોય તો તેઓ શારીરિક વાસના ભોગવવા સંમત થશે.

શ્રી અરવિન્દ : સૈદ્ધાંતિક રીતે આ બધું બરાબર હોવાં છતાં પ્રાણ ચૂંસવાનું પ્રમાણ અને ગુણવત્તામાંના તફાવતોને કારણે ઘણાં પર્યાયો રચાય છે.

સાધક : મેં આ બધું વિગતવાર 'સી'ની (સાધિકા) ઈચ્છા મુજબ તેને પત્ર દ્વારા જણાવ્યું જેથી અમારી વચ્ચે પ્રાણમય સંબંધો ન બંધાય.

શ્રી અરવિન્દ : તે સાચી પદ્ધતિ છે (૩-૮-૧૯૩૪)

## શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

# સત્ય અને અસત્યના આંદોલનો (૯૯-૧૦૨)

પ્રકરણ - ૫૮

(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૨૧૩-૨૨૨)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**(૧) શાસ્ત્રવચન તો બિનચૂક હોય છે; જ્યારે હૃદય અને બુદ્ધિ એ શાસ્ત્રનું અર્થ-ઘટન કરે છે ત્યારે જ ભૂલ એનો ભાગ પડાવે છે. (૯૯)**

**(૨) ધાર્મિક વિચાર અને અનુભવમાં જે કાંઈ નિમ્ન, સંકુચિત અને ઉપર-છલ્લું છે. તેનો ત્યાગ કર, વિશાળમાં વિશાળ ક્ષિતિજોથી પણ વિશાળ બન. ઉચ્ચત્તમ કાંચનજંઘાથી પણ ઊર્ધ્વતર બન. ગહનમાં ગહન મહાસાગરથી પણ અતિગહન બન. (૧૦૦)**

**(૩) પ્રભુની દૃષ્ટિમાં કશું નજીક નથી કે દૂર નથી. વર્તમાન નથી, ભૂત કે ભવિષ્ય નથી. આ વસ્તુઓનો પ્રભુનાં વિશ્વચિત્રને જોવા માટેની માત્ર એક અનુકૂળ એવી દષ્ટિયોજના છે. (૧૦૧)**

**(૪) ઈન્દ્રિયોને માટે સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે એ હંમેશા સાચું છે. બુદ્ધિને માટે આ વસ્તુ ખોટી છે. બુદ્ધિને માટે તો પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે. એ વાત સંપૂર્ણ સાચી છે. આ વસ્તુ પરમ દૃષ્ટિને માટે ખોટી છે. નથી પૃથ્વી ફરતી કે નથી સૂર્ય ફરતો. એમાં માત્ર સૂર્ય, ચેતના અને પૃથ્વી ચેતનાના સંબંધમાં જ ફેરફાર થતો હોય છે. (૧૦૨)**

બાળક : માતાજી, આમાં સ્થૂળ-દર્શન દા.ત. વૃક્ષો, પથ્થર, લોકો એ ખોટું છે, તો સાચું અતિમાનસિક દર્શન કેવું હશે ?

માતાજી : તે સત્યદર્શનને સમજી શકાય એવાં શબ્દોમાં વ્યક્ત કરવાનાં

શબ્દો હજી માનવીભાષામાં વિકસાવવામાં આવ્યાં નથી. તેથી હાલનાં તબક્કે તેને અવર્ણનીય કહેવું યોગ્ય રહેશે.

૨૯ ફેબ્રુઆરી ૧૯૫૬ની અનુભૂતિમાં થયેલાં સત્યદર્શનને હું અભિવ્યક્ત કરી જ શકતી નહોતી. જે વર્ણન આપેલું છે તે ખૂબ જ અધૂરું છે. ચેતનાનો ફેરફાર થતાં જ દર્શન બદલાઈ જાય છે એ જ વસ્તુ સૂત્ર ક્રમાંક ૧૦૨માં જણાવેલ છે.

બાળક : માતાજી, સત્યાનુભૂતિમાં ફક્ત અંગત અનુભૂતિને કારણે તમારું દર્શન બદલાય છે કે જગત પોતે જ વાસ્તવિક રીતે અન્ય સ્વરૂપે પ્રગટ થવા માંડે છે.

માતાજી : મારાં અનુભવ મુજબ સત્ય અને અસત્ય સાથે જ સહઅસ્તિત્વ ધરાવે છે. તમારી સત્યદૃષ્ટિમાં સત્ય પાસું દેખાય છે અસત્ય દષ્ટિમાં અસત્ય પાસું. ચેતનાનાં ફેરફારથી જ સત્ય-અસત્યનો ભેદ પરખાય છે. બન્ને એકી સમયે, એકી વખતે, સાથે જ રહેતા હોય છે. એક જાયને બીજું આવતું નથી.

ચેતનાનાં ફેરફારમાં કોઈ ગતિ અથવા પ્રક્રિયા હોતી નથી. એક અવસ્થા પાર્શ્વભૂમિમાં જાય છે બીજી સામે આવે છે. આ વર્ણનમાં પણ ગતિનો સંદર્ભ મારે લેવો પડે છે. પણ તેવી ગતિ ત્યાં નથી.

ખરેખર તો સત્ય અને અસત્યનાં આંદોલનો હોય છે. એકનું સ્થાન બીજું લે છે. આ ચેતનાનાં પોતાનાં જ આંદોલનો હોય છે. તમારી ક્ષમતા મુજબ તેમને બદલી શકો છો.

દા.ત. અસત્યનાં આંદોલનથી નિર્માણ થયેલી સ્થિતિ અકસ્માત સર્જવાની હોય છે. ત્યારે જ જો સત્યનાં આંદોલનોને વ્યક્તિ ધારણ કરે તો અન્ય કોઈ તત્ત્વ વચ્ચે પડીને અકસ્માત થવાં દેતું નથી.

સત્યપ્રાપ્તિની આ જ સાચી પદ્ધતિ છે. સત્યનાં આંદોલનને નિર્માણ કરો અને અહર્નિશ ધારણ કરી રાખો. અન્ય પદ્ધતિઓ આ પ્રક્રિયાને શરૂ કરવામાં મદદરૂપ બને છે.

# લુચ્ચાઓ કોઈનાં નહિ

પ્રકરણ - ૩૦

એક જંગલમાં વજ્રદંત નામનો સિંહ રહેતો હતો. તેનાં બે સેવક હતાં. ચતુરક નામનો શિયાળ અને ક્રવ્યમુખ નામનું વરુ. સિંહ શિકાર કરી ખાય. બાકી રહે તે સેવકોનું.

એક દિવસે સિંહે એક ઊંટડીનો શિકાર કર્યો. સિંહે તેનું પેટ ફાડતાં ઊંટનું નાનું બચ્ચું નીકળ્યું. સિંહને દયા આવી તેણે તેને પાળીપોષીને મોટો કર્યો.

એક દિવસે હાથીનો શિકાર કરતા સિંહ ઘવાયો. ગુફામાં આવી તે બીમાર પડ્યો. સેવકોને કહ્યું :

''મારાં માટે શિકાર કરી આવો.''

ત્રણ દિવસ સુધી ચતુરક અને ક્રવ્યમુખને શિકાર જ મળ્યો નહિ. સિંહ શિયાળ અને વરુ ત્રણે ભૂખથી વ્યાકુળ બન્યાં.

વરુએ વિચાર કર્યો. આ પરિસ્થિતિમાં ઊંટને મારી ભૂખ સંતોષવામાં શું હરકત છે. તેણે શિયાળને મનાવી લીધું. બન્ને ઊંટ પાસે ગયાં બોલ્યાં, ''શંકુકર્ણ, તારા પાલક વજ્રદંત સિંહ ત્રણ દિવસથી ભૂખ્યા છે. શું તારું કોઈ જ કર્તવ્ય નથી ?''

''ભાઈ, હું પણ તે જ વિચાર કરું છું. પણ મને તો શિકાર કરતાં આવડતું નથી. કેવી રીતે પિતાશ્રીની સેવા કરું ?''

''કેમ, તું પિતા માટે પોતાને બલિદાન ન આપી શકે ?''

ઊંટની આંખ ચમકી, ''અરે, આવો તો વિચાર મેં કર્યો જ નહોતો ?''

તે પાલક પિતા પાસે જઈ બોલ્યો, ''પિતાશ્રી આપ ભૂખ્યા છો. જંગલના

પશુઓનાં વનરાજા છો. આપે જીવવું જોઈએ. આપ મને મારીને ખાઓ.''

સિંહે ઊંટને માર્યો. સેવકોને બોલ્યો, ''હું નાહી આઉં, ઘણા દિવસથી નાહ્યો નથી. ત્યાં સુધી શિકાર સાચવો.'' સિંહ ન્હાવા ગયો.

વરુ શિયાળને બોલ્યું, ''ભાઈ તને ભૂખ લાગી છે, થોડુંક ખાઈ લે હું સિંહને નહિ કહું''

શિયાળે સલાહ માની. તેણે શિકારમાં મોઢું નાખી ખાવાની શરૂઆત કરી ત્યાં વરુ બોલ્યું, શિયાળ ભાગ, સિંહ આવી પહોંચ્યો છે.''

શિયાળ તો ઊભી પૂંછડીયે ભાગ્યું.

સિંહ નાહીને થોડીવારથી આવ્યો.

''અરે, શિયાળ ક્યાં ?''

''રાજા, તેણે શિકારમાં ખાવા મોઢું નાખતાં જ મેં તેને ઠપકો આપ્યો.''

''માલિક પહેલાં સેવકથી ખવાય ? મૂર્ખ ચાલ્યો જા.''

''સિંહે શિકાર ખાવાની તૈયારી કરી ત્યાં ઘંટડીઓનો અવાજ આવવા લાગ્યો.''

''વરુ, જોઈ આવ, આ શાનો અવાજ છે. કોઈ ખતરો તો નથી ને ?

વરુ જોવા ગયો, ભાગતો - ભાગતો પાછો આવ્યો, ''મહારાજ ભાગો, તમે તમારા પાલક ઊંટનો શિકાર કરવાથી ઊંટનાં પ્રતિનિધિઓએ યમરાજા પાસે તપાસ કરીને દંડ દેવાની વિનંતી કરેલી. તેની તપાસ કરવા સ્વયં યમરાજા ઊંટો સાથે આવી રહ્યાં છે. મહારાજ, ભાગો પોતાનો જીવ બચાવો.''

સિંહ પણ જીવ બચાવવા ભાગ્યો.

વરુ બોલ્યું, ''જોઈ મારી બુદ્ધિની કમાલ હવે આ શિકાર ફક્ત મારાં એકલાનો.''

# આદર્શ કેન્દ્ર

## (મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર સ્થાપના દિન, ૬, જુલાઈ નિમિત્તે)

એક વખત શિષ્યોના વૃંદે કેન્દ્ર ખોલવા માટે જ્યારે શ્રી માતાજી પાસે રજા અને આશીર્વાદ માંગ્યાં ત્યારે તેમણે જવાબમાં કહ્યું : ''કેન્દ્ર ખોલવુ એટલું જ પૂરતું નથી. એ તો દિવ્ય પ્રત્યેનાં સમગ્ર સમર્પણથી સભર એવો સંપૂર્ણનિષ્ઠાનો પવિત્ર જીવંત સંસાર બની રહેવું જોઈએ.'' આ પ્રથમ મુદ્રાલેખ અથવા મંત્ર છે જે પ્રત્યેક જૂથ-સંગઠનનાં આંતરિક બંધારણની તકતી ઉપર કંડારાયેલો હોવો જોઈએ. આ છે કોઈપણ કેન્દ્રની મૂળભૂત ચેતના. સાચી અભીપ્સા કે જે કાર્યનું મંડાણ કરી એનું માર્ગદર્શન પણ કરે છે. બીજો મંત્ર શ્રી અરવિન્દના આ શબ્દોમાં રહેલો છે : ''શ્રી માતાજીને ચાહો. હમેશાં એવી રીતે વર્તો કે તે તમારી તરફ જુએ છે. કારણ કે, ખરેજ, તે હમેશાં હાજરાહજૂર છે.'' આ શબ્દો પ્રત્યેકના હૃદયમાં હંમેશાં તેજસ્વી અને ઝળહળતા રખાવા જોઈએ. એ અભીપ્સાનો ઝરો અને ઉદ્‌ભવ છે; સામૂહિક અને વ્યક્તિગત એવી સઘળી પ્રવૃત્તિઓનો ફૂવારો છે. અને આ બે મંત્રો ઉપરાંત સહેજ પણ ઓછો જીવંત નહિ અથવા લેશ પણ તાકીદ વગરનો નહિ એવો ત્રીજો મંત્ર શ્રી માતાજીએ આપ્યો છે.'' આપણે જેમ પ્રાર્થના કરીએ છીએ તે પ્રમાણે કાર્ય કરીએ, કારણ કે કાર્ય એ ખરેખર પ્રભુની શરીરે કરેલી ઉત્તમ પ્રાર્થના છે.'' અહીં આપણે શીખીએ છીએ એક માર્ગ, પ્રક્રિયા, કે જે અનુસરવાની છે, આપણે શીખીએ છીએ લક્ષ્યને સંપ્રાપ્ત કરવાની કુશળતા.

અને અંતિમ આકલન અને દિશાબોધ માટે આપણે શ્રી અરવિન્દના શબ્દો યાદ રાખવાના છે. ''અસ્તિત્વનાં બધાં પ્રશ્નો એ સાચેસાચ સંવાદિતાના પ્રશ્નો છે. ''જીવન કે જે આવશ્યકપણે જુદાં-જુદાં ઘટકોનું સહજીવન છે (કેન્દ્રનો તાત્વિક અર્થ છે સહજીવનની કેળવણી અને સમજ) તેમાં પ્રથમ અને આખરી આવશ્યકતા છે, સંવાદિતાની અર્થાત્ સહજીવનનાં સભ્યો વચ્ચેની પારસ્પરિક એકતા અને સમજદારીની. આ એક અને બધાં સભ્યો દ્વારા સમજાયેલું અને

સ્વીકારાયેલું એવું એક સ્વયં પ્રમાણિત સત્ય છે. પરંતુ વસ્તુનો સૌથી મહત્ત્વનો મુદ્દો તો એ છે કે સંવાદિતા સિદ્ધ કેવી રીતે કરવી ! અસ્તિત્વ અને ચૈતન્યનાં ઉચ્ચત્તર સ્તરે જ એને સિદ્ધ કરી શકાય એમ છે. જીવનનાં નિમ્ન અને સામાન્યસ્તરે તો માત્ર તડજોડ કરી શકાય. અસ્થિર સમતુલા અર્થાત્ વિવિધ અને ફંટાતા તત્ત્વોનું અચોક્કસ સમતોલન મેળવી શકાય. ઉપરાંત એ પણ નોંધવું જોઈએ કે ચેતના જેટલી ઉચ્ચ અને ઊંડી, વિશાળ અને વધુ તેટલાં પ્રમાણમાં સમગ્ર સંવાદિતા વધુ નૈસર્ગિક, સહજ સ્ફૂરિત, નિદોર્ષ અને સંપૂર્ણ બને છે. અને સર્વોચ્ચ સ્તરે સંવાદિતા એ માત્ર જોડાણ જ રહેતું નથી પરંતુ અવિભાજ્ય એવી એકતામાં પરિણમે છે.

આ લક્ષ્ય છે કે જેનાં પ્રત્યે સમર્પિત કેન્દ્રે અર્થાત્ અધ્યાત્મની દૃષ્ટિએ ઊર્ધ્વોન્મુખ જૂથે જવાનું છે અને મહેનત કરવાની છે, અને તે પણ પ્રાથમિક કાર્ય છે. પ્રથમ અને મોખરાનું છે કે જેનાં માટે કેન્દ્ર એક ક્ષેત્ર તરીકે શરૂ થતું હોય છે. અને આ કાર્ય કરી શકાય અને સંસિદ્ધ કરવાનું છે. ત્રીજા મંત્ર પ્રત્યેના મૂળભૂત અભિગમ અને મૂળભૂત પ્રતિજ્ઞિત શિસ્ત વડે, એ મંત્રમાં કહેવામાં આવ્યું છે કે (ઈશ્વરાર્પિત) કાર્ય, સમગ્ર કાર્ય અથવા સેવા એ શરીરની પ્રાર્થના છે, કાર્ય એ ગતિશીલ અને નક્કર રૂપે પ્રાર્થના જ છે. એ શારીરિક ભૌતિકતાનું (પ્રભુ પ્રત્યેનું) ઉચ્ચારણ છે, તેની ભાષા છે કે જેનાં વડે તે વધુ માંગણી કરી શકે અને દિવ્ય પ્રત્યે એકતા સાધી શકે છે. ભૌતિક અને પદાર્થ જીવનમાં વ્યક્ત થતી અને આકાર લેતી આ એક પવિત્ર કાર્યવિધિ છે. આ છે પોતાના આદર્શ, દેવતા પ્રત્યેની પોતાની સંલગ્નતા, ભક્તિ પૂજા.


સુમેળને વ્યક્ત કરતાં કાર્ય કે સેવાને જેમ કે મેં કહ્યું છે, વધુ ઉચ્ચ અને ઉચ્ચ ચેતનાનાં પાયામાં સ્થાપવાનાં છે. પ્રાર્થના તરીકે કરેલું કાર્ય એ ચેતના પ્રત્યેના ઊર્ધ્વારોહણને પ્રભાવિત કરતું ઉત્તમ સાધન છે. આ વસ્તુ કેન્દ્રની પ્રત્યેક વ્યક્તિએ બિલકુલ પ્રારંભમાં જ અને પછીથી પણ સદાય શીખવા જેવો પાઠ છે. વ્યક્તિએ ચેતનાનાં સ્તરોમાં ઊંચે ચઢવાનો હમેશાં પ્રયત્ન કરવાનો જ છે, અસ્તિત્ત્વનાં સનાતન ઊચ્ચ સ્તરોએ પહોંચવાનું જ છે અને ત્યાંથી કાર્યને વહેવા દેવાનું છે.

સ્વયંસ્ફૂરિત નિર્ઝરની માફક કોઈ જ્યારે ચેતના અને અસ્તિત્ત્વમાં ઉપર ચઢે છે ત્યારે નૈસર્ગિક રીતે અને અનિવાર્યપણે તેની ચેતના વિસ્તૃત બને છે અને તેને સર્વની સાથે સહજ સગપણ અને એકતાનું સંવેદન સંપ્રાપ્ત થાય છે. પછી તો આ કાર્ય કે સેવા એ બીજા બધાઓની સાથે સંપૂર્ણ ઐક્ય સાધવાનું અને એ દ્વારા સર્વેને સમજવાનું એક ગતિશીલ માધ્યમ બની જાય છે.

કાર્ય એ નથી તો પોતાની વ્યક્તિગત શક્તિમૂત્તા કે કુશળતા કે ચતુરાઈ બતાવવા માટે, કે નથી કેટલીક ફરજોની સભાનતા પૂર્વકની અને અતિઝીણવટપૂર્વકની, બાહ્ય વ્યવહારો માફકની, યંત્રવત્ બજવણી માટે, ખરેખર તે પ્રાર્થના અને આત્મ નિવેદનની વિધિ છે. આપણાં અસ્તિત્ત્વનાં અત્યંત ગતિશીલ અને ભૌતિક ભાગો - અપ્રત્યુત્તરશીલ અને સંવેદનશૂન્યની એક દિવ્ય ઈચ્છા પ્રત્યેની સંનિષ્ઠ અને સમર્પણ વિધિ છે.

અને આ શ્રી અરવિન્દે આપેલાં શ્રી માતાજીની હંમેશ અને જીવંત હાજરીનાં, કેન્દ્ર માટેનાં પ્રધાન અને પાયાનાં, મંત્ર ઉપર આપણને લાવી મૂકે છે. કેન્દ્રનું મૂળભૂત હાર્દ છે આ હાજરી, શ્રી માતાજીની હાજરી અને ચેતનાની પરિભૂમાં જ કેન્દ્ર વિકસે છે અને સંપૂર્ણ રીતે વિકસી શકે છે. પોતાની કેન્દ્રિત અંતઃસત્તા પ્રત્યેની સભાનતા મેળવવી, પોતાનાં સઘળાં અવયવો અને વ્યવહારોને કેન્દ્રિત વાસ્તવિકતા સાથે જોડી દેવા, અસ્તિત્ત્વની પરિભૂની સાથે સમ્યક્ રીતે સુમેળમાં રાખવા એ વ્યક્તિનાં જીવનનો જે ઉદ્દેશ્ય છે તે પ્રમાણે કોઈપણ જૂથ અર્થાત્ કેન્દ્ર પણ શ્રી માતાજીની કેન્દ્રીય વાસ્તવિકતા સાથે સંપૂર્ણ સંવાદિતા સંસ્થાપિત કરે તો જ તે વિકસે અને સુસંવાદિતપણે વિકસે. ખરેખર કોઈ જૂથ-કેન્દ્ર જીવંત એ સુસંવાદી ગતિશીલ સત્યમાં સફળતાપૂર્વક ત્યારે જ વિકસે જ્યારે તે પોતાની દરેક ક્ષણમાં અને જીવનની પ્રત્યેક ક્ષણમાં દિવ્ય માતાજીની કદીય નિષ્ફળ ન જતી હાજરી અનુભવે ! એક માત્ર આ રીતે જ કોઈપણ કેન્દ્ર સર્વોચ્ચ શ્રી માતાજીનાં દિવ્ય આકાર અને અવતારને સમજીને તેના સત્યને અભિવ્યક્ત કરવાનું આ પૃથ્વી પર માધ્યમ બની રહે. **- શ્રી નલિનીકાંત ગુપ્તા**

- અનુ. : શ્રી રમણલાલ પાઠક (સૌજન્ય : શ્રી અરવિન્દ સોસાયટી- વડોદરા)



# શ્રી અરવિંદ

A breath comes down from a supernal air,
A presence is borne, a guiding Light awakes,
A stillness falls upon the instruments.

The Secret Knowledge - Savitri 1-4-47


## અચલ સ્વસ્થતાની સ્થાપના

પરમ - પ્રભુનો ઉચ્છ્વાસ, ને દિવ્ય વાતાવરણનો વિકાસ,
દિવ્ય હાજરીનું પ્રગટ થવું, ને આંતર - પ્રેરણાનો પ્રકાશ,
અને ગાઢ સ્વસ્થતા રેલાતી, આ કરણ રૂપ શરીર મહિં.

ગૂઢજ્ઞાન - સાવિત્રી - બુ.૧, કેન્ટો-૪, પૃ.૪૭

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2015-2017
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# પાદસેવનમ્



ભૌતિક જગત નિમ્ન - છેવાડે રહ્યું, તે જ છે પ્રભુના પાદ,
તેમાં ઉત્ક્રાંતિ લાવવી, એ પાદસેવનનો સાચો પ્રકાર.

ઉત્ક્રાંતિ પ્રભુ-આવિર્ભાવ-પ્રક્રિયા, તેનું સાધન પ્રકાશનું ધ્યાન,
પ્રકાશથી કોષો રૂપાંતરિત થતા, એ આધુનિક વિજ્ઞાન.

વેદ ઉપનિષદે પણ તે જ કહ્યું, ને સાવિત્રીમાં પણ તે જ,
ગીતા પણ તે જ વદે, એમ વિદ્વાનો જણાવે છે જ.

ભૌતિક જીવનનું રૂપાંતર, એ અતિમનસ રૂપાંતરનો ભાગ,
એમ શ્રી માતાજી વર્ણવતા, કરે અતિમનસ દેહ નિર્માણ.

આ સાચું પાદ સેવન ગણ્યું, જ્ઞાનયોગનો એ પ્રકાર,
ભક્ત ચરણકમળ ધ્યાન ધરે, તે પણ એક છે ભાવ.

કર્મયોગી ગુરુજન સેવા કરે, એ પણ એક પ્રકાર,
ગુરૂભક્તિ વધારતું, ને શ્રદ્ધા વિશ્વાસનો વિકાસ.

જે સાધનામાં આવશ્યક ગણ્યાં, શંકા કુશંકાઓનો પરિત્યાગ,
નિશંક બની સાધના કરે, તો સાધના સફળ બની જાત.

## ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત